અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૧૨

વર્ષ : ૧૬
અંક : ૯૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કોંગ્રેસને ઘુસણખોરો સારા લાગે છે, તેમાં વોટબેંક દેખાય છે : પીએમ મોદી

### કોંગ્રેસ ક્યારેય દેશ માટે શહીદ થયેલા લોકોને સન્માન આપી શકે નહીં : કોંગ્રેસે જ આપણા સૈન્ય પરિવારોને ચાર દાયકાઓ સુધી 'વન રેન્ક વન પેન્શન' માટે ઝંખવ્યું હતું



। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જમ્મુ કાશ્મીરમાં જનસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પાર્ટી સહિત વિપક્ષો પર જોરદાર નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે આજની કોંગ્રેસ સંપૂર્ણપણે 'શહેરી નક્સલવાદીઓ'ના નિયંત્રણમાં છે. મને ખબર નથી કે વિદેશમાંથી ઘૂસણખોરો અહીં આવે છે ત્યારે કોંગ્રેસને તે કેમ ગમે છે. તેમને તેમનામાં તેમની વોટ બેંક દેખાય છે. પરંતુ તેઓ પોતાના લોકોના દુઃખની કઠોર રીતે મજાક કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે માઁ ની નવરાત્રીના દિવસે ૮ ઓક્ટોબરે પરિણામ જાહેર કરવામાં આવશે. આપણે બધા માતા વૈષ્ણો દેવીની છાયામાં મોટા થયા છીએ અને ૧૨મી ઓક્ટોબરે વિજયાદશમી છે. આ વખતે વિજયાદશમી આપણા બધા માટે એક શુભ શરૂઆત હશે. જમ્મુ હોય, સાંબા હોય, કઠુઆ હોય, બધે એક જ સૂત્ર ગુંજી રહ્યું છે, આ જમ્મુની હાકલ છે, ભાજપની સરકાર આવી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસ ક્યારેય દેશ માટે શહીદ થયેલા લોકોને સન્માન આપી શકે નહીં. આ કોંગ્રેસે જ આપણા સૈન્ય પરિવારોને ચાર દાયકાઓ સુધી 'વન રેક વન પેન્શન' માટે ઝંખવ્યું હતું. કોંગ્રેસે આપણા સૈનિકો સાથે ખોટું બોલ્યું. તેઓ કહેતા હતા કે 'વન રેન્ક વન પેન્શન'થી તિજોરી પર દબાણ આવશે પરંતુ મોદીએ ક્યારેય તિજોરીને સૈનિક પરિવારોના હિતને આગળ કરી નથી. પીએમ મોદીએ કહ્યું કે તેથી ૨૦૧૪માં સરકાર બનાવ્યા બાદ અમે OROP લાગુ કર્યું. અત્યાર સુધીમાં સૈન્ય પરિવારોને ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ મળી છે. તાજેતરમાં, અમે OROPને પણ પુનર્જીવિત કર્યું છે, જે ખાતરી કરે છે કે લશ્કરી પરિવારોને વધુ પૈસા મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા દાયકાઓમાં અહીં માત્ર કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના નેતાઓ અને તેમના પરિવારનો જ વિકાસ થયો છે. ફક્ત આપત્તિ તમારા ભાગે આવી. આપણી પેઢીઓએ જે વિનાશ સહન કર્યો છે તેના માટે સૌથી વધુ જવાબદાર કોંગ્રેસ પાર્ટી છે. કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે આઝાદી પછી કોંગ્રેસની ખોટી નીતિઓએ તમારા પર તબાહી મચાવી છે તેમણે કહ્યું કે તમને એ સમય યાદ છે જ્યારે સરહદ પારથી ગોળીઓ ચલાવવામાં આવતી હતી. ત્યાંથી ગોળીઓ ચલાવવામાં આવતી હતી અને કોંગ્રેસના લોકો સફેદ ઝંડા બતાવતા હતા. પરંતુ જ્યારે ભાજપે ગોળીનો જવાબ ગોળી વડે આપ્યો ત્યારે બીજી બાજુના લોકોના હોશ ફરી વળ્યા હતા. જમ્મુમાં એક જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, હું ખાસ કરીને જમ્મુ ક્ષેત્રના લોકોને આજે કહેવા માંગુ છું કે આ ચૂંટણીમાં જમ્મુ ક્ષેત્રના લોકો માટે ઈતિહાસમાં આવો અવસર ક્યારેય આવ્યો નથી. તેમણે વધુમાં કહ્યું કે આજે પહેલીવાર જમ્મુ ક્ષેત્રની જનતાની ઈચ્છા મુજબ સરકાર બનવા જઈ રહી છે. આ મંદિરોનું શહેર છે, આ તક ગુમાવવી જોઈએ નહીં. અહીં બનેલી ભાજપ સરકાર તમારા બધા દુઃખ દૂર કરશે. દાયકાઓથી જમ્મુ સાથે જે પણ ભેદભાવ થયો છે, તેને માત્ર ભાજપ સરકાર જ દૂર કરશે.





## ન્યૂઝ બ્રિફ

### કોરોનામાં જીવ ગુમાવનારા પાંચ લોકોના પરિજનોને મળશે ૧-૧ કરોડ

। નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હી સરકાર કોરોના મહામારી દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા પાંચ લોકોના પરિજનોને ૧-૧ કરોડ આપવા જઈ રહી છે. મુખ્યમંત્રી આતિશીએ આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પહેલા દિલ્હી સરકાર કોરોના મહામારી દરમિયાન જીવ ગુમાવનાર ૯૨ લોકોના પરિવારોને ૧-૧ કરોડ રૂપિયાની સન્માન રકમ આપી ચૂકી છે. મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે 'દિલ્હીના લોકોએ કોરોના મહામારી દરમિયાન પોતાના જીવની ચિંતા કર્યા વિના માનવતા અને સમાજની રક્ષા કરવાનું કામ કર્યું અને પોતાના જીવનનું બલિદાન આપ્યુ. દિલ્હી સરકાર તેમના જુસ્સાને સલામ કરે છે.'

### સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડનાર ક્રિકેટરને નડ્યો ગંભીર અકસ્માત

। લખનઉ, તા.૨૮ ।

ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર સરફરાઝ ખાનના ભાઈ મુશીર ખાનની કારને ગંભીર અકસ્માત નડ્યાના સમાચાર સામે આવ્યા છે. મુશીર ખાનને ગળામાં ગંભીર ઈજાઓ થઈ છે. મુશીર સાથે આ અકસ્માત વખતે તેના પિતા નૌશાદ ખાન પણ હતા જે આઝમગઢથી લખનઉ જઈ રહ્યા હતા. અત્યાર સુધી દુર્ઘટનાનું કારણ જાણી શકાયું નથી પણ સૂત્રો કહે છે કે અકસ્માત થતાં જ મુશીર ખાનની કાર ૪-૫ વખત પલટી ખાઈ ગઈ હતી. જેના લીધે મુશીરને ગંભીર ઈજાઓ થઈ.

### સેનાના ૪ જવાન અને એક પોલીસ અધિકારી ઘાયલ

## જમ્મુ-કાશ્મીર : કુલગામ એન્કાઉન્ટરમાં ૨ આતંકી ઠાર

**સુરક્ષા દળોએ દેવસર વિસ્તારના આદિગામ ગામને ઘેરી લીધું હતું અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું**

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં શનિવારે સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અઠડામણ થઈ હતી. આ અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. જોકે, આ અથડામણમાં જમ્મુ-કાશ્મીર પોલીસના એક અધિકારી સહિત પાંચ સુરક્ષા કર્માચારીઓ ઘાયલ થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ કુલગામના આદિગામ વિસ્તારમાં થઈ રહી હતી. પોલીસે જણાવ્યું કે, સુરક્ષા દળોએ દેવસર વિસ્તારના આદિગામ ગામને ઘેરી લીધું હતું અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જિલ્લાના આદિગામ ગામમાં આતંકવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળી હતી. ત્યારબાદ સેના, પોલીસ અને સીઆરપીએફ સહિતના સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ



ઓપરેશન શરૂ કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે, સુરક્ષા દળોએ આતંકવાદીઓને ઘેરી લીધા હતા. જ્યારે આતંકવાદીઓને ખબર પડી કે અમે ચારેય બાજુથી ઘેરાઈ ગયા છીએ તો તેમણે સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું. ગોળી લાગવાથી સેનાના ચાર જવાનો અને જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારી મુમતાઝ અલી સામાન્ય રૂપે ઘાયલ થયા છે. છુપાયેલા આતંકવાદીઓ ભાગી ન શકે તેના માટે સુરક્ષા દળોએ ભાગવાના તમામ રસ્તા બંધ કરી દીધા છે. પહેલાથી જ વધારાના દળો એક્કાઉન્ટર સ્થળ પર પહોંચી ગયા છે. ઘાયલ સુરક્ષા કર્મચારીઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ આતંકવાદીઓ કટ્ટર વિદેશી ભાડૂતી છે. છેલ્લા ત્રણ-ચાર મહિના દરમિયાન, આ આતંકવાદીઓએ જમ્મુ ડિવિઝનના ડોડા, કઠુઆ, રાજૌરી, પુંછ અને રિયાસી જિલ્લામાં સેના, સ્થાનિક પોલીસ અને નાગરિકો પર હુમલા કરીને તેમને મોતના ઘાટ ઉતાર્યા છે. પહાડી વિસ્તારોમાં સેના અને અન્ય લોકો પર હુમલો કર્યા બાદ આતંકવાદીઓ આ પહાડી જિલ્લાઓના ગાઢ જંગલો ભાગી જાય છે. આતંકવાદી હુમલાઓને નિષ્ફળ બનાવવા માટે જમ્મુ ડિવિઝનના ઊંચા પર્વતીય વિસ્તારો અને ગાઢ જંગલોમાં ૪,૦૦૦થી વધુ પેરા કમાન્ડો અને પર્વતીય યુદ્ધમાં ટ્રેની જવાનોને તેહનાત કરવામાં આવ્યા હતા.

### મોદીએ હરિયાણામાં કોંગ્રેસ પર કર્યો પ્રહાર

## હરિયાણા કોંગ્રેસમાં પિતા-પુત્ર વચ્ચે જ મુખ્યમંત્રી બનવાની રેસ ચાલી રહી છે

### કોંગ્રેસની સરકારે હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થાને ધ્વસ્ત કરી દીધું છે : રાજ્યનું વિકાસ અટકી ગયું છે : વડાપ્રધાન મોદી

। (એજન્સી) હિસાર, તા.૨૮ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલાં દરેક રાજકીય પક્ષો પૂર જોશથી પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ હરિયાણાના હિસારમાં વિશાળ જનસભાને સંબોધિત કરી કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા પર આડકતરી રીતે નિશાન સાધતા કહ્યું કે, હરિયાણા કોંગ્રેસમાં પિતા-પુત્ર વચ્ચે જ મુખ્યમંત્રી બનવાની રેસ ચાલી રહી છે અને આ રેસમાં તેઓ અન્ય નેતાઓનું પત્તું કાપી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ જનસભામાં હિમાચલ પ્રદેશનું ઉલ્લેખ કરતા કહ્યું કે, હરિયાણાના પાડોસી રાજ્ય હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસનું જુઠ્ઠાણું પ્રજા સામે ખૂલી આવ્યું છે. કોંગ્રેસની સરકારે હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થાને ધ્વસ્ત કરી દીધું છે. રાજ્યનું વિકાસ અટકી ગયું છે. ત્યાં સરકારી કર્મચારીઓને પગાર આપવા માટે પણ પૈસા નથી. કોંગ્રેસ માત્ર અસ્થિરતા માટે ઓળખાય છે, તે જ્યાં પણ શાસન કરે છે ત્યાં માત્ર ભ્રષ્ટાચાર જ કરે છે.' પીએમ મોદીએ દાવો કરતા કહ્યું કે, 'હરિયાણામાં કોંગ્રેસનું એ જ હાલ થશે, જે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં થયું હતું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ગત ચૂંટણીમાં તેમણે જુઠ્ઠાણાનું ખૂબ મોટું બલૂન ફૂલાવ્યું હતું, પરંતુ પ્રજાએ વોટની ચોટ આપીને તેમના બલૂનની બધી જ હવા નીકાળી દીધી હતી.' મોદીએ ખેડૂતો મુદ્દે કોંગ્રેસને ઘેરતાં કહ્યું કે, કોંગ્રેસના નેતાઓ ખેડૂતોને માત્ર વોટ બેંક તરીકે જુએ છે, કોંગ્રેસની સરકારે પાણી માટે ખેડૂતોને હંમેશા તરસાવ્યા છે. લોકોએ ભૂલવું ન જોઈએ કે હુડ્ડા સરકાર બે રૂપિયાનું વળતર આપતી સરકાર હતી.

### આપવું પડી શકે છે રાજીનામું

## પુત્રની વાયરલ રીલ રાજસ્થાનના ડે. CM પ્રેમચંદ બૈરવા માટે બની મુસીબત

। (એજન્સી) જયપુર, તા.૨૮ ।

રાજસ્થાનના ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના પુત્રની વાયરલ રીલ પર રાજકીય ખળભળાટ મચી ગયો છે. કહેવામાં આવી રહ્યું છે કે તેમની ખુરશી છીનવાઈ શકે છે. ભાજપ હાઈકમાન્ડે તેમને દિલ્હી બોલાવ્યા છે. બૈરવા મોડી રાત્રે જયપુરથી દિલ્હી જવા રવાના થાય હતા. તેઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને અમિત શાહને મળશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ હાઈકમાન્ડ પ્રેમચંદ બૈરવા પાસેથી રાજીનામું લઈ શકે છે. પુત્ર રીલ કેસને લઈને સરકારની ટીકાથી હાઈકમાન્ડ નારાજ છે. વાસ્તવમાં સાંગાનેર વિધાનસભાથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડનાર પુષ્પેન્દ્ર ભારદ્વાજના પુત્ર કાર્તિકેય ભારદ્વાજનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના પુત્ર આશુ જીપ ચલાવતો જોવા મળે છે. રાજસ્થાન પોલીસ જીપને આગળ અને પાછળ એસ્કોર્ટ કરતી જોવા મળે છે. જીપમાં તેની સાથે વધુ ત્રણ છોકરાઓ છે. એક આશુ સાથે આગળ બેઠો છે જ્યારે પાછળ બે છોકરાઓ બેઠા છે. તેમાંથી એક કોંગ્રેસ નેતા પુષ્પેન્દ્ર ભારદ્વાજના પુત્ર કાર્તિકેય છે. વાયરલ થઈ રહેલા રીલ વીડિયોમાં તેનો પુત્ર તેના કેટલાક મિત્રો સાથે ખુલ્લી જીપમાં મસ્તી કરતો જોવા મળે છે. મામલો વધતો જોઈને બૈરવાએ આ અંગે સ્પષ્ટતા આપી હતી.

### ચૂંટણી પંચે તૈયારીઓનું નિરીક્ષણ કર્યું

## મહારાષ્ટ્રમાં ૨૬મી નવેમ્બર પહેલાં વિધાનસભા ચૂંટણી યોજવામાં આવશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બર પહેલાં વિધાનસભા ચૂંટણી યોજવામાં આવશે. જેની જાહેરાત મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કરી દીધી છે. વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ચૂંટણી પંચની ટીમ મહારાષ્ટ્રના પ્રવાસે છે. ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બર સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાશે. કેન્દ્રીય ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે, ચૂંટણી પંચની ટીમ ત્રણ દિવસના પ્રવાસે હતી. આ દરમિયાન પંચે વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને કેન્દ્રમાં લઈ અધિકારીઓ સાથે ઘણી બેઠકો કરી અને તૈયારીઓનું નિરીક્ષણ કર્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, આ દરમિયાન રાજકીય પાર્ટીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને તેમને અમે દિવળી જેવા તહેવારને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવાનું જણાવ્યું હતું. રાજકીય પાર્ટીઓએ અધિકારીઓના ટ્રાન્સફરમાં પારદર્શિતાની માગ સાથે જ 17C ની જોગવાઈની માગ કરી હતી. 17C ની કોપી મતદાન પ્રક્રિયા પૂરી થયા બાદ પોલિંગ એજન્ટને આપવામાં આવશે. સોશિયલ મીડિયા પર પણ નજર રાખવી પડશે કે, કોઈ ખોટી અને ભ્રામક ખબરો ફેલાવવામાં ન આવે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, મહારાષ્ટ્રમાં કુલ મતદારોની સંખ્યા ૯.૬૯ કરોડ છે. કુલ પોલિંગ બૂથોની સંખ્યા ૧,૦૦,૧૮૬ છે. શહેરી વિસ્તારોમાં ૪૨,૫૮૫ બૂથ છે અને ગ્રામીણ વિસ્તારોમાં ૫૭,૬૦૧ બૂથ છે. પોલિંગ બૂથ પર તમામ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જે વરિષ્ઠ નાગરિકો પોલિંગ બૂથ પર નહીં પહોંચી શકે, તેમના માટે ઘરેથી મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવશે.

### આસામમાં મોટી કાર્યવાહી

## આઠ બાળકો સહિત ૧૭ બાંગ્લાદેશીને કાઢી મૂક્યાં

। (એજન્સી) દીસપુર, તા.૨૮ ।

આસામમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત આસામમાંથી ૧૭ બાંગ્લાદેશીને કાઢી મૂકવામાં આવ્યા છે. જેમાં આઠ બાળકો અને નવ લોકોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ઠ પર પોસ્ટ કરીને આ અંગેની માહિતી આપી છે. તેમજ આ બાંગ્લાદેશીઓના નામ પણ જાહેર કર્યા છે. જેમાં હારુલ લામીન, ઉમાઈ ખુનસુમ, મોહમ્મદ ઈસ્માઈલ, સંસીદા બેગમ, રૂફિયા બેગમ, ફાતિમા ખાતુન, મોઝુર રહેમાન, હબી ઉલ્લાહ અને સોબીકા બેગમનો સમાવેશ થાય છે. અગાઉ ૫ સપ્ટેમ્બરે અધિકારીઓએ પાંચ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી હતી. આ તમામ આસામના કરીમગંજ જિલ્લામાંથી ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે પણ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ઠ પર પોસ્ટ કરીને તેમના વિશે માહિતી આપી હતી અને લખ્યું હતું કે ભારત-બાંગ્લાદેશ સરહદ પર સતર્ક પોલીસે ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા અને બાંગ્લાદેશી નાગરિકોને બહાર કાઢી મૂકવામાં આવ્યા છે. બીએસએફ દ્વારા ભારત અને બાંગ્લાદેશની બોર્ડર પર સતર્કતા વધારી છે. તેમજ શેખ હસીનાના ગયા પછી બાંગ્લાદેશમાં ઘણી હિંસા થઈ હતી.

## GPSC વર્ગ ૧-૨ની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર કરાઇ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ઍજીઝની જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪માં ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧-૨ અને નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ ૨ મળીને કુલ ૨૯૩ જેટલી જગ્યાની જાહેરાત કરવામાં આવી હતી. જેની પ્રિલિમ પરીક્ષાના પરિણામ બાદ મુખ્ય પરીક્ષા આગામી ૨૦ ઑક્ટોબરથી ૨૫ ઑક્ટોબરની અંદર યોજાશે. જેનો સમય બપોરના ૩ વાગ્યાથી ૬ વાગ્યા સુધીનો રહેશે. આ ભરતીના કોલ લેટર ૭ ઑક્ટોબરથી ડાઉનલોડ કરી શકાશે. પરીક્ષાનું આયોજન અમદાવાદ અને ગાંધીનગરમાં કરવામાં આવશે. જાહેરાત અંગેની વધુ માહિતી GPSCની સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકાશે.

## ભવનાથમાં પાણીનાં ડરામણાં દૃશ્યો, પર્વત પરથી ધોધ વહેતા થયા

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૮ ।

ગુજરાતમાં હવે ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે મેઘરાજાએ ભાદરવામાં જતા જતા પણ ભુક્કા બોલાવ્યા છે. સતત ત્રીજા દિવસે ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ધોધમાર વરસાદ વરસ્યો છે. ગિરનાર પર્વત પરની સીડી પરથી પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો. પર્વત પર પાણી વહેતા હોવાનો દ્રશ્યો લોકોએ કેદ કર્યા હતા. ગિરનાર પર્વત પરની સીડી પરથી પાણી વહી રહ્યા છે. પર્વત પર પાણી વહેતા હોવાના સુંદર દ્રશ્યો જોવા મળ્યા છે. ગિરનાર પર્વત પર મનમોહક દ્રશ્યો સર્જાતા લોકોમાં ખુશી જોવા મળી. જૂનાગઢ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે. જૂનાગઢના દામોદર કુંડમાં ઘોડાપુર આવ્યું છે. ઘોડાપુર આવતા પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો. ગિરનગર જંગર અને પર્વત પર ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો. માણાવદરના ખડિયા, સરદારગઢ અને વેકરી ગામમાં વરસાદ વરસ્યો...જૂનાગઢ શહેર અને ગ્રામ્ય પંથકમાં વરસાદી માહોલ જામ્યો છે. ભવનાથમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. માંગનાથ રોડ પર પાણી ભરાયા છે. ભવનાથમાં રસ્તાઓ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે. નવરાત્રિના ૬ દિવસ પહેલા જ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસતા ગરબા આયોજકો અને ખેલૈયાઓની ચિંતા વધી છે. અમદાવાદ, જસદણ, ખેડાના નડિયાદ, અમરેલી સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદથી વાતાવરણ ઠંડું થયું છે. અમરેલીના વડીયામાં ભારે વરસાદના કારણે લોકી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ. પૂરની સ્થિતિ દરમિયાન પાણીના પ્રવાહને પાર કરતા પશુના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. પાણીના ધસમસતા પ્રવાહને ચીરીને પશુઓ આગળ વધ્યા અને સલામત રીતે સામાકાંઠે આવી ગયા.

### નવરાત્રિની ધામધૂમથી તૈયારીઓ થવા લાગી છે । પાર્ટી પ્લોટ અને ગરબા મેદાનના પાર્કિંગ અને અંધારાવાળી જગ્યાએ ફરજિયાત લાઇટ લગાવવી પડશે

# નવરાત્રિ દરમ્યાન રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ સહિત ગુજરાતભરમાં નવરાત્રિની ધામધૂમથી તૈયારીઓ થવા લાગી છે. હાલ નવરાત્રિના શોખીન ખેલૈયાઓ પૂરા ઉત્સાહ સાથે રિહર્સલમાં વ્યસ્ત છે. ત્યારે ગરબા આયોજકો માટે મહત્ત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ મુજબ નવરાત્રિ દરમ્યાન રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

નવરાત્રિ દરમિયાન ગુજરાતભરના પંડાલોમાં નવ દિવસ સુધી ખેલૈયાઓ થનગનાટ મચાવવાના છે અને તેની તૈયારી અગાઉથી જ જોવા મળી રહી છે. શહેરના અનેક સ્થળોએ ગરબા ક્લબોમાં અગાઉથી રિહર્સલ કર્યા બાદ ખેલૈયાઓ નવ દિવસ થનગનાટ કરવા સજ્જ થઈ ગયા છે. અમદાવાદ પોલીસ પણ ખેલૈયાઓની સુરક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત છે.

પોલીસે મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક્શન પ્લાન તૈયાર કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે પાર્ટી પ્લોટ અને ગરબા મેદાનના પાર્કિંગ અને અંધારાવાળી જગ્યાએ ફરજિયાત લાઇટ લગાવવી પડશે. આ ઉપરાંત દુકાનોમાં CCTV લગાવવાના રહેશે. અમદાવાદ શહેર પોલીસે મહિલા સુરક્ષા માટે ફૂલપ્રૂફ એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. નવરાત્રિમાં મહિલાઓ સાથે છેડતી ન થાય અને ગરબા રમવા જતી વખતે તેમને કોઈ ભય ન રહે તે માટે અમદાવાદ પોલીસે તૈયારીઓ શરુ કરી દીધી છે. જેમાં પાર્ટીપ્લોટ અને ગરબા ગ્રાઉન્ડના પાર્કિંગ અને આજુબાજુના ડાર્ક સ્પોટ પર ફરજિયાતપણે લાઈટો લગાવવાથી લઈને દુકાનો અને રેસ્ટોરન્ટ પર CCTV લગાવવાની સૂચના આપી દીધી છે. નવરાત્રિ દરમિયાન SHE TEAM ટ્રેડિશનલ ડ્રેસમાં રોમિયોગીરી અને મહિલાઓની છેડતી કરનાર અસમાજિક તત્ત્વો પર ચાંપતી નજર રાખશે.

અમદાવાદ પોલીસ શહેરના તમામ પાર્ટી પ્લોટ, શેરી ગરબા તેમજ અન્ય જગ્યા જ્યાં ગરબાનું આયોજન કરવામાં આવે છે, તેનું લિસ્ટ બનાવીને તમામ જગ્યાએ CCTV કેમેરા અને લાઈટો લગાવવા માટે ફરજ પાડી રહી છે. આ ઉપરાંત સ્થાનિક પોલીસની મદદથી ગરબા દરમિયાન ખાસ બંદોબસ્તનું આયોજન કરાશે. આ દરમિયાન જે પણ રોમિયોગીરી કરતાં ઝડપાશે તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

નવરાત્રિના બંદોબસ્તને લઈને મહિલા પોલીસ સ્ટેશનના એસપી હિમાલા જોષીએ જણાવ્યું કે, 'પાર્ટી પ્લોટ અને દુકાનો સિવાય સિગ્નલ, ચાર રસ્તા સહિત મુખ્ય માર્ગો અને અંદરના ગલીવાળા માર્ગ ઉપર પણ સીસીટીવીથી ચાંપતી નજર રાખવામાંઆવશે. આ ઉપરાંત એન્ટી રોમિયો સ્ક્વોડની પણ રચના કરવામાં આવશે, જે પોલીસ વાન અને પોલીસ ડ્રેસ સિવાય ટ્રેડિશનલ વેશભૂષામાં કોઈપણ વાહનમાં આવીને ગરબા સ્થળ પર ચાંપતી નજર રાખશે અને રોમિયોગીરી કરનારને દબોચીને યોગ્ય પગલાં લેશે.'




કાંકરિયા ખાતે સુપોષિત ભારત અભિયાનના ભાગરૂપે માનનીય મેયર પ્રતિભાબેન, ધારાસભ્ય અમુલભાઈ ભટ્ટ, દંડક શીતલબેન, RSSના અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતાં.

### રહિશોએ કલેક્ટર કચેરીએ કર્યો હલ્લાબોલ

## સુરત શહેરના કતારગામ વિસ્તારમાં ૭૦૦ મિલકતને ફટકારાઇ ડિમોલિશનની નોટિસ

### તંત્રના નિર્ણય સામે સ્થાનિકોએ આજે વિરોધ નોંધાવ્યો આશરે ૫૦૦ જેટલા લોકોએ કલેક્ટર કચેરી પહોંચીને રજૂઆત કરી

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના કતારગામ વિસ્તારમાં આવેલી ૭૦૦ મિલકતોનું ડિમોલિશન કરવા નોટિસ ફટકારી છે. જેના કારણે વર્ષોથી રહેતા મિલકતધારકો મુશ્કેલીમાં મુકાયા છે. તંત્રના નિર્ણય સામે સ્થાનિકોએ આજે વિરોધ નોંધાવ્યો. આશરે ૫૦૦ જેટલા લોકોએ કલેક્ટર કચેરી પહોંચીને રજૂઆત કરી.

સુરત મહાનગરપાલિકાએ શહેરના કતારગામ વિસ્તારોના જૂના પોલીસ સ્ટેશનથી લઈને સિંગણ પોર ચાર રસ્તા સુધીની ૭૦૦ જેટલી મિલકતો દબાણમાં આવતી હોવાનું જણાવીને નોટિસ ફટકારી છે અને ડિમોલિશનની કામગીરીની કરવા માટે મિલકત ખાલી કરવાનું કહ્યું છે.

વિરોધ કરી રહેલા લોકોએ કહ્યું કે, '૩૦ વર્ષ પહેલા મિલકત બંધાઈ ત્યારે પાલિકાનું ધ્યાન ન ગયું. પ્રધાનમંત્રી ઘરનું ઘર આપે ને સ્થાનિક તંત્ર ઘરવિહોણા કરે છે. અમને શા માટે ઘરમાંથી દૂર કરવામાં આવી રહ્યાં છે. આ વિસ્તારમાં બધા મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. અમે નાના માણસો છીએ, અમને અહીંથી હટાવાશે તો અમે ક્યાં જઈશું?'

કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ હાથમાં વિવિધ લખાણના બેનર રાખીને પોતાની વાતને રજૂ કરી હતી. બેનરોમાં લખ્યું હતુ કે, ઘરનું ઘર પહેલા આપો ઘર વિહોણા પછી કરો, ડિમોલિશન કરવુ હોય તો વળતર આપો, સામાન્ય વર્ગના લોકોને રઝળતા અટકાવો.

### ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું

## રાજ્ય પોલીસ દળની ૧૪,૮૨૦ તથા સીવીલીયન સ્ટાફની ૨૪૫ જગ્યાઓ પર સીધી ભરતી કરાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા તેમજ ગુજરાત પોલીસ દળમાં જોડાવા ઈચ્છુક યુવાઓ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી વર્ષ-૨૦૨૫માં ગૃહ વિભાગ દ્વારા રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની કુલ-૧૪૮૨૦ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરવામાં આવશે તેમ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્તમાનમાં ચાલી રહેલી રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની કુલ-૧૨૪૭૨ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ગૃહ વિભાગ વર્ષ-૨૦૨૫માં રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની આ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરશે. વર્ષ-૨૦૨૫માં ગૃહ વિભાગ દ્વારા જે જગ્યાઓ પર ભરતી કરવાનું આયોજન છે તેમાં ૧૨૯ એસ.આર.પી.એફ.ના હથિયારી પી.એસ.આઈ, ૧૨૬ વાયરલેસ પી.એસ.આઈ, ૩૫ એમ.ટી. પી.એસ.આઈ, ૫૫૧ ટેકનીકલ ઓપરેટર, ૪૫ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મીકેનીક ગ્રેડ-૧, ૨૬ મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર, ગ્રેડ-૨, ૧૩૫ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મીકેનીક ગ્રેડ-૨, ૭૨૧૮ બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૦૧૦ હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૨૧૪ એસ.આર.પી.એફ.ના હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૦૦ જેલ સિપાઈ(પુરુષ) અને ૩૧ જેલ સિપાઈ(મહિલા) સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 'વિશ્વ હડકવા દિવસ'ના અનુસંધાને અમદાવાદ જિલ્લામાં '૧૯૬૨-ફરતા પશુ દવાખાના' દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### પશુપાલન વિભાગ અને ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કાર્યરત ફરતું પશુ દવાખાનું અબોલ પશુઓ માટે સંજીવનીરૂપ



। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ ૧૮મા 'વિશ્વ હડકવા દિવસ'ના અનુસંધાને રાજ્ય સરકારના પશુપાલન વિભાગ દ્વારા કાર્યરત અને ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત ફરતાં પશુ દવાખાના-૧૯૬૨ દ્વારા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના વૌઠા ખાતેના ફરતા પશુ દવાખાના-૧૯૬૨ એમ્બ્યુલન્સના શ્રી ડૉ. સોહિલબ્બાસ મોમીન તથા પાયલોટ શ્રી અંકિત રબારી દ્વારા સહિજ ગામના નાગરિકોને હડકવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષની વિશ્વ હડકવા દિવસની થીમ 'બ્રેકિંગ રેબીઝ બાઉન્ડ્રીઝ' નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત વિશ્વમાં સૌથી જૂના રોગોમાંના એક એવા હડકવા પર કાબૂ મેળવવા માટે સૌએ સાથે મળીને આધુનિક રસીઓ, દવાઓ, સાધનો અને તકનીકોના માધ્યમથી વિશ્વની દરેક વ્યક્તિના આરોગ્યને સ્વસ્થ અને સુરક્ષિત રાખવાનો ઉમદા સંદેશ આપવામાં આવ્યો હતો.

## બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૮ ।

રાજ્યોમાં હવે ચોમાસુ વિદાય લઇ રહ્યું છે. તેમાં બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. જિલ્લામાં ભારે પવનની સાથે વરસાદ પડ્યો હતો. ભારે વરસાદ અને પવન ફૂંકાવાના કારણે અનેક જગ્યાએ નુકસાનના દૃશ્યો પણ જોવા મળ્યા હતા. હાલ શું સ્થિતિ છે અને કેટલા વિસ્તારોને અસર થઈ છે તે જાણીએ. બનાસકાંઠા જિલ્લાના ડીસા, પાલનપુર સહિતના અનેક તાલુકામાં ભારે વરસાદ પડ્યો હતો. ધોધમાર વરસાદ પડવાના કારણે લોકોને ગરમીથી રાહત થઈ હતી. પરંતુ વરસાદની સાથે સાથે ભારે પવન ફૂંકાવાના કારણે ડીસાના અજાપુરા ગામમાં આવેલા અનેક મકાનોના પતરા ઉડી ગયા હતા. બનાસકાંઠા જિલ્લાના અનેક તાલુકાઓમાં ભારે વરસાદ પડવાના કારણે બાજરી, મગફળી તેમજ શાકભાજીના પાકમાં પણ નુકસાન જોવા મળી રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવનિર્મિત ખાદી ભવનનું ઉદ્‌ઘાટન કર્યું

### સૌ કોઈ નાગરિકો અને યુવાનો ખાદી પ્રત્યે પ્રેરાય એ ઉદ્દેશી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદી કરી

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ ઈક્મ ટેક્સ ચાર રસ્તા પાસે આવેલા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવ નિર્મિત ભવનનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ અવસરે સૌ કોઈ નાગરિકો અને યુવાનો ખાદી પ્રત્યે પ્રેરાય એ ઉદ્દેશી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદી પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ખાદી ભવન ૫૯ વર્ષ પૂર્ણ કરી ૬૦ વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ ખાદી ભવનનું સૌપ્રથમ ઉદ્‌ઘાટન તત્કાલીન પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીના હસ્તે ૬ માર્ચ ૧૯૬૫માં કરવામાં આવ્યું હતું. આ ખાદી ભવનને રીનોવેશનની જરૂરિયાત હોવાથી આ ખાદી ભવનને વર્તમાન જરૂરિયાત મુજબ નવનિર્મિત કરવામાં આવ્યું છે.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે અમદાવાદનાં મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, એલિસબ્રીજના ધારાસભ્ય શ્રી અમિત શાહ તેમજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના મંત્રી પરાગ ત્રિવેદી, પ્રમુખ હિંમતભાઈ ગોડા, ઉપપ્રમુખ વલ્લભભાઈ લખાણી ઉપસ્થિત રહ્યા હતા.



# મુંબઇ અને પુણેમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું






। (એજન્સી) મુંબઇ, તા.૨૮ ।

મુંબઈ અને પુણેમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. મુંબઈમાં બુધવારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાથી લોકલ ટ્રેનની સેવાને અસર થઈ હતી. ૧૪ ફ્લાઈટ્સના રુટ્સ ડાઈવર્ટ કરવા પડ્યા હતા. આર્થિક રાજધાનીમાં ભારે વરસાદને કારણે ચાર લોકોના મૃત્યુ થયા હતા. પુણેમાં ૨૪ કલાકમાં ૧૩૩ મિમી. વરસાદને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રવાસ રદ કરવાની ફરજ પડી હતી. હવામાન વિભાગે મુંબઇ અને થાણેમાં વરસાદ માટેનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. જ્યારે પાલઘરના કેટલાક વિસ્તારો માટે 'રેડ એલર્ટ' જારી કરાયું છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે બીએમસીએ ગુરુવારે તમામ શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી હતી. મુંબઇ પોલીસ શહેર અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને શક્ય એટલું ઘરની અંદર રહેવા જણાવ્યું હતું. પુણેમાં અત્યાર સુધીનો ત્રીજો સૌથી વધુ વરસાદ ઝીંકાયો હતો. શહેરમાં ૨૪ કલાકમાં ૧૩૩ મિમી. વરસાદ ખાબક્યો હતો. થાણેના મુંબ્રા બાયપાસ પર બુધવારે રાતે ૯.૩૦ કલાકે ભારે વરસાદને કારણે ભેખડ ધસી પડી હતી. તેને લીધે ત્રણ કલાક સુધી ટ્રાફિક જામ થયો હતો. મુંબઇ એરપોર્ટ પર આવતી લગભગ ૧૪ ફ્લાઈટ્સ ડાઈવર્ટ કરવી પડી હતી. ભારે પવન અને વરસાદને કારણે તેમને એરપોર્ટ પર લેન્ડ થવાની મંજૂરી આપવામાં આવી ન હતી. સતત વરસાદને કારણે ઘણી ટ્રેન સેવા પણ અટકાવવી પડી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શુક્રવાર સુધી છુટાછવાયા વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે. દરમિયાન હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં ભારે વરસાદને પગલે વાદળ ફાટતા એક વ્યક્તિનું મોત થયું હતું. બુધવારે સાંજથી થઇ રહેલા વરસાદમાં રાજ્યના ઘણા જિલ્લામાં ૫૦ માર્ગ બંધ હોવાથી નેશનલ હાઈવે એનએચ-૭૦૭ સહિત બંધ રસ્તાની સંખ્યા ૭૧ થઈ છે.

**ન્યૂઝ બ્રિફ**

## નાણામંત્રી નિર્મલા સીતારમણ સામે FIR નોંધવા બેંગ્લુરુ કોર્ટનો આદેશ



। (એજન્સી) બેંગલુરુ, તા.૨૮ ।

બેંગલુરુની વિશેષ પ્રતિનિધિ અદાલતે શુક્રવારે ચૂંટણી બોન્ડ દ્વારા કથિત ગેરવસૂલીના કેસમાં કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને અન્યો સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. જનઅધિકાર સંઘર્ષ પરિષદના સહ-અધ્યક્ષ આદર્શ અય્યરે બેંગલુરુની સ્પેશિયલ પીપલ્સ રિપ્રેઝન્ટેટિવ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી અને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ સામે પગલાં લેવાના નિર્દેશો માંગ્યા હતા. અરજદારે તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે ચૂંટણી બોન્ડ દ્વારા ધાકધમકી આપીને બળજબરીથી વસુલી કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી કરતા કોર્ટે બેંગલુરુના તિલક નગર પોલીસ સ્ટેશનને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ખંડણીના મામલામાં એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. જનઅધિકાર સંઘર્ષ પરિષદે એપ્રિલ ૨૦૨૪માં ૪૨મી એસીએમએમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ, ED અધિકારીઓ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, ભાજપના રાષ્ટ્રીય નેતાઓ, ભાજપના કર્ણાટકના તત્કાલીન અધ્યક્ષ નલિન કુમાર કટિલ, બીવાય વિજયેન્દ્ર વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદ પર વિચાર કર્યા બાદ કોર્ટે બેંગલુરુની તિલક નગર પોલીસને FIR નોંધવાનો નિર્દેશ આપ્યો છે.

## પૂર્વ લદ્દાખ અંગે ભારત સાથે કેટલાંક મુદ્દે સંમતિ સધાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ચીન અને ભારત પૂર્વી લદ્દાખમાં સંઘર્ષના પોઈન્ટ્સ પરથી લશ્કરી દળોને પરત બોલવવા અંગે મતભેદો ઘટાડીને કેટલીક સર્વસંમતિ સાધી શક્યા છે તથા બંને પક્ષોને સ્વીકાર્ય ઉકેલ શોધવા મંત્રણા ચાલુ રાખવા સંમત થયા છે, એમ ચીનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઝાંગ ઝિયાઓગાંગે જણાવ્યું હતું કે બંને દેશોના નેતાઓના માર્ગદર્શન હેઠળ ભારત અને ચીન રાજદ્વારી અને લશ્કરી માધ્યો મારફત એકબીજા સાથે મંત્રણા કરી રહ્યાં છે. તેમાં બંને દેશોના વિદેશ પ્રધાનો તથા ચીનના વિદેશ પ્રધાન અને ભારતના નેશનલ સિક્યોરિટી એડવાઈઝર સામેલ છે. સીમા સંવાદ વ્યવસ્થાતંત્ર હેઠળ આ મંત્રણાઓ ચાલે છે. ચીન અને ભારત બંને દેશો મંત્રણા મારફત તેમના મતભેદોમાં ઘટાડો કરીને અમુક સર્વસંમતિ સાધી શક્યા છે. આ ઉપરાંત બંને દેશો એકબીજાની કાયદેસરની ચિંતાઓનો ઉકેલ લાવવા મંત્રણાને વધુ મજબૂત કરવા સંમત થયા છે. બંને પક્ષો બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી વહેલી તારીખે ઉકેલ પર પહોંચવા સંમત થયાં છે. અહી ઉલ્લેખનીય છે કે પૂર્વ લદ્દાખમાં બંને દેશો વચ્ચે આશરે ચાર વર્ષથી લશ્કરી મડાગાંઠ સર્જાઈ છે.




વિદેશમંત્રી એસ.જયશંકરએ યુએન જનરલ એસેમ્બલીના ૭૯મા સત્રની બાજુમાં ન્યુયોર્કમાં BIMSTEC દેશોના વિદેશ મંત્રીઓ સાથે અનૌપચારિક બેઠક યોજી.

### કેલિફોર્નિયાના સ્વામિનારાયણ મંદિરમાં 'હિન્દુઓ પાછા જાઓ'ના સૂત્રો લખાયાં

# અમેરિકામાં ૧૦ દિવસમાં વધુ એક હિન્દુ મંદિર પર હુમલાથી સનસનાટી

### આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી, આ પહેલા ન્યૂયોર્કના સ્વામીનારાયણ મંદિરમાં પણ આવી જ ઘટના બની હતી

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૨૮ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં હિન્દુ ધર્મના ધર્મસ્થાન પર હુમલો થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં બીજી વખત હિન્દુ ધાર્મિક સ્થળ પર આ રીતે હુમલો કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ દરમિયાન સ્વામિનારાયણ મંદિરમાં હિન્દુવિરોધી નારા પણ લખવામાં આવ્યા હતા. કેટલાક તત્વોએ 'હિન્દુઝ ગો બેક'ના સૂત્રો લખ્યા હતા. આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી.

આ પહેલા ન્યૂયોર્કના સ્વામીનારાયણ મંદિરમાં પણ આવી જ ઘટના બની હતી. હાલમાં અમેરિકામાં હિન્દુમિશિયા વધી રહ્યો છે. હિન્દુમિશિયા એ અંગ્રેજી શબ્દ છે જેનો ઉપયોગ હિન્દુઓ પ્રત્યે નફરતને વ્યાખ્યાયિત કરવા માટે થાય છે. આને હિન્દુફોબિયા પણ કહી શકાય. જો કે, બંને વચ્ચેનો તફાવત એ છે કે હિન્દુફોબિયા શબ્દમાં ડરનો સમાવેશ થાય છે જ્યારે હિન્દુમિશિયા હિન્દુઓ પ્રત્યે તિરસ્કાર-અણગમાનો ભાવ દર્શાવે છે. આ હુમલાની માહિતી સ્વામિનારાયણ મંદિર તરફથી એક્સ પર આપવામાં આવી છે. મંદિર તરફથી લખવામાં આવ્યું હતું કે, 'ન્યૂયોર્કમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલા બાદ ૧૦ દિવસમાં આ બીજો હુમલો છે.

જેમાં કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલો થયો હતો. આ દરમિયાન હિન્દુઓને પાછા જાવના સૂત્રો લખવામાં આવ્યા હતા. અમે આ નફરત સામે સંગઠિત છીએ અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. સેક્રામેન્ટોની સ્થાનિક સંસ્થાએ પણ હુમલાની પુષ્ટિ કરી છે. પ્રશાસનનું કહેવું છે કે મંદિરમાં માત્ર તોડફોડ જ નથી કરવામાં આવી પરંતુ ત્યાંની પાઈપલાઈન પણ સમાજ વિરોધીઓએ કાપી નાખી છે. આ તોડફોડ બાદ મોટી સંખ્યામાં લોકો મંદિરમાં પૂજા માટે પહોંચ્યા હતા.

### મૃતકોમાં ૩૭ બાળકો, સાત મહિલાઓનો સમાવેશ

# બિહારમાં પર્વની ઉજવણી ટાણે ડૂબવાથી ૪૬ લોકોના મોત

### મીડિયા રિપોર્ટ પ્રમાણે કેટલાક જિલ્લામાં હજુ પણ કેટલાક લોકોની શોધખોળ ચાલુ છે, એવામાં મૃતકોની સંખ્યા વધી શકે છે

। (એજન્સી) બિહાર, તા.૨૮ ।

બિહારના કેટલાક જિલ્લામાં જિતિયા પર્વનો ઉત્સાહ શોકમાં પરિવર્તિત થયો છે. જિતિયા પર્વના અવસર પર નદી અને તળાવોમાં સ્નાન કરવા ગયેલા લોકોમાંથી હમણા સુધી ૪૬ લોકોના મોત થયા છે. એમાંથી ૩૭ બાળકો, સાત મહિલાઓ અને બે પુરુષો સામેલ છે. પાણીમાં ડૂબીને મોત થવાની ઘટનાઓ - પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ, નાલંદા, ઔરંગાબાદ, કૈમૂર, બક્સર, સીવાન, રોહતાસ, સારણ, પટના, વૈશાલી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ગોપાલગંજ અને અરવલમાં બની છે. ડૂબને લીધે સૌથી વધુ ૧૦ મોત ઔરંગાબાદમાં બની છે. જિતિયા દરમિયાન મોટાભાગના મોત નદીમાં સ્નાન કરવા દરમિયાન બન્યા છે. ઔરંગાબાદ પછી સૌથી વધુ પાંચ લોકોના મોત છપરામાં થયા છે. આ ઉપરાંત રોહતાસમાં ૪, કૈમૂરમાં ૩, સીવાનમાં ૩, મોતિહારીમાં ૩, બેતિયામાં ૨, બેગૂસરાયમાં ૨, ગોપાલગંજ, ભોજપુર, નાલંદા, દરભંગા, મધુબની, સમસ્તીપુર અને અરવલમાં એક-એક વ્યક્તિના મોત થયા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે કેટલાક જિલ્લામાં હજુ પણ કેટલાક લોકોની શોધખોળ ચાલુ છે. એવામાં મૃતકોની સંખ્યા વધી શકે છે. મુખ્યમંત્રી નીતીશકુમારે ઘટના પર શોક વ્યક્ત કરીને કહ્યું કે જિતિયાના અવસર પર જે ઘટનાઓ બની, એ ખૂબ જ દુખદ છે. મુખ્યમંત્રીએ મૃતકોના આશ્રિતોને ચાર-ચાર લાખ રૂપિયાનું વળતર આપવાની પણ જાહેરાત કરી છે. કૈમૂરા સકરી બંધની પાસે બુધવારે સાંજે જિતિયા પર્વ પર પોતાની માતા અને પરિવારજનો સાથે સ્નાન કરવા દરમિયાન એક પાંચ વર્ષના બાળકનું નહેરમાં ડૂબી જવાથી મોત થયું છે. ઔરંગાબાદમાં જિતિયા પર્વ દરમિયાન ન્હાવા ગયેલા કેટલાક બાળકોના મોત થયા છે.

### સ્થાનિક પોલીસ સ્ટેશન આ મામલે તપાસ કરી રહી છે

# દિલ્હીમાં બંધ રૂમમાંથી મળ્યા એક જ પરિવારના પાંચ લોકોના મૃતદેહ

**દિલ્હીના વસંત કુંજ વિસ્તારમાં એક જ પરિવારના પાંચ લોકોએ આત્મહત્યા કર્યાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીના વસંત કુંજ વિસ્તારમાં એક જ પરિવારના પાંચ લોકોએ આત્મહત્યા કર્યાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ ઘટના રંગપુરી ગામમાં બની હતી. માહિતી મળ્યા બાદ પોલીસ મામલાની તપાસમાં વ્યસ્ત છે. જણાવવામાં આવી રહ્યું છે કે પીડિતાની ચારેય દીકરીઓ વિકલાંગ હતી. દિલ્હીના વસંત કુંજ વિસ્તારના રંગપુરી ગામમાં એક જ પરિવારના પાંચ લોકોએ ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કર્યાની ઘટના શુક્રવારે સવારે ૧૦.૧૮ વાગ્યે પડોશીઓએ પોલીસને જાણ કર્યા પછી પ્રકાશમાં આવી હતી.

આ ઘટનાની માહિતી મળતાં પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી તો રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો તોડવામાં આવતાં પાંચ સડી ગયેલા મૃતદેહો મળી આવ્યા હતા. પોલીસે મૃતદેહોને બહાર કાઢ્યા હતા. હાલ પોલીસ આ મામલે તપાસમાં વ્યસ્ત છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે એક વ્યક્તિ અને તેની ચાર પુત્રીઓએ શા માટે આત્મહત્યા કરી. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, શરૂઆતની તપાસમાં એવું લાગે છે કે પિતાએ પહેલા બધાને સલ્ફાસની ગોળી ખવડાવ્યો અને બાદમાં પોતે ખાઈ લીધી. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ બાદ ઘટનાનો ક્રમ જાણી શકાશે. પોલીસને શંકા છે કે વિકલાંગ દીકરીઓના પિતાએ ખરાબ સંજોગોને કારણે આપઘાત જેવું પગલું ભર્યું હોઈ શકે છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, પિતા હીરાલાલ સુથાર તરીકે કામ કરતા હતા અને તેમની પત્નીનું એક વર્ષ પહેલા કેન્સરથી મૃત્યુ થયું હતું. એ પછી હીરાલાલ એકલા પડી ગયા. પત્નીના અવસાનથી હીરાલાલ સાવ ભાંગી પડ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં ઘરનો મોભી ૨૪મીએ ઘરની અંદર જતા જોવા મળે છે. ત્યારથી ઘરનો દરવાજો અંદરથી બંધ હતો. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, સુથારની ચારેય પુત્રીઓ વિકલાંગ હતી, પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ચારેય પુત્રીઓ વિકલાંગ હોવાને કારણે ચાલી શકતી નથી. આમાંની એક દીકરી અંધ હતી. એકને ચાલવામાં તકલીફ પડતી હતી. હીરાલાલ છેલ્લા ૨૮ વર્ષથી ઈન્ડિયન સ્પાઈનલ ઈન્જરી સેન્ટર વસંત કુંજમાં સુથાર તરીકે કામ કરતા હતા. તે દર મહિને ૨૫ હજાર રૂપિયા કમાતા હતા. તે જાન્યુઆરી ૨૦૨૪ થી તેની નોકરી પર ગયો ન હતો. મૃતકના ભાઈ મોહન શર્મા અને તેની ભાભી ગુડિયા શર્માના જણાવ્યા મુજબ, મૃતકે તેની પત્નીના મૃત્યુ પછી પારિવારિક બાબતોમાં રસ લેવાનું બંધ કરી દીધું હતું. તેઓ હંમેશા કોઈને કોઈ હોસ્પિટલમાં તેમની દીકરીઓની સારવારમાં વ્યસ્ત રહેતા હતા. દીકરીઓ ભાગ્યે જ તેમના રૂમમાંથી બહાર આવતી.

## PMLAની જોગવાઇઓને EDનો હાથો બનવાની મંજૂરી ન આપી શકાય : SC



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, બંધારણીય કોર્ટ્સ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ (ઈડી)ને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓનો ઉપયોગ કરી આરોપીને લાંબો સમય કેદમાં રાખવાની મંજૂરી આપી શકે નહીં. પીએમએલએ હેઠળ કેસની સુનાવણી લાંબો સમય ચાલે તો બંધારણીય કોર્ટ્સે જામીન આપવાની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે, "પીએમએલએની કલમ ૪૫(૧)(ii) રાજ્યને વધુ પડતા લાંબા સમય માટે આરોપીને કેદમાં રાખવાની સત્તા આપતી નથી. ખાસ કરીને કેસ વાજબી સમયમાં પૂરો થવાની શક્યતા ન હોય ત્યારે આરોપીને કેદમાં રાખી શકાય નહીં." જજ અભય ઓકા અને જજ ઓગસ્ટિન જ્યોર્જ મસિહે જણાવ્યું હતું કે, "વાજબી સમયનો આધાર આરોપી પર લગાવાયેલી જોગવાઈઓ અને અન્ય પરિબળો પર આધાર રાખે છે. જેમાં ગુના માટેની મહત્તમ અને લઘુતમ સજા મહત્વનું પરિબળ બની શકે." કોર્ટે તમિલનાડુના મંત્રી અને ડીએમકે નેતા સેંથિલ બાલાજીને મની લોન્ડરિંગ કેસમાં જામીન આપતી વખતે આવી ટિપ્પણી કરી હતી. કેસ પૂરો થવામાં વધુ પડતા વિલંબને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, દેશની ફોજદારી પ્રક્રિયાનો સ્થાપિત સિદ્ધાંત છે કે 'જામીન નિયમ છે અને જેલ અપવાદ છે.' સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, "કેસ વાજબી સમયમાં પૂરો થવાની શક્યતા ન હોય ત્યારે પીએમએલએની કલમ ૪૫(૧)(ii)ની કડક જોગવાઈઓનો ઉપયોગ આરોપીને લાંબો સમય કેદમાં રાખવા માટે કરી શકાય નહીં." કે એ નજીબ કેસના ચુકાદાને ટાંકી સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, "બંધારણીય કોર્ટ્સના જજો પાસે બહોળો અનુભવ હોય છે. જજોને જણાય કે કેસની સુનાવણી વાજબી સમયમાં પૂરી થવાની શક્યતા નથી ત્યારે બંધારણીય કોર્ટ્સે જામીન આપવાની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. કોર્ટ કલમ ૨૨૬ની કલમ ૩૨ હેઠળ તેના અધિકારનો ઉપયોગ કરી શકે."

## કર્ણાટકની કોંગ્રેસ સરકારે CBIની તપાસની સંમતિ પાછી ખેંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કર્ણાટક સરકારે ગુરુવારે બપોરે રાજ્યમાં વિવિધ ગુનાહિત મામલાની તપાસ માટે CBIને આપવામાં આવેલી સામાન્ય સંમતિ પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. રાજ્યના કાયદા મંત્રી એચકે પાટીલે આ માહિતી આપી છે. જોકે, પાટીલે આ નિર્ણય પાછળ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામેના જમીન કૌભાંડના આરોપોને કોઈ સંબંધ નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે રાજ્ય સરકાર કેન્દ્રીય તપાસ એજન્સી (CBI)ના "પક્ષપાતી" વલણને ઉઘાડુ પાડવા માંગે છે. પાટીલે પત્રકારોને જણાવ્યું હતું કે, અમે સીબીઆઈને જે પણ કેસ મોકલ્યા છે તેમાં તેઓએ હજુ ચાર્જશીટ પણ દાખલ કરી નથી... જેના કારણે ઘણા કેસ લાંબા સમયથી પેન્ડિંગ છે. તેઓએ અમારા દ્વારા મોકલવામાં આવેલા કેસોની તપાસ કરવાનો પણ ઈન્કાર કરી દીધો છે. આવા ઘણા ઉદાહરણો છે. તેથી અમે તેમની પાસેથી સામાન્ય સંમતિ પાછી ખેંચી રહ્યા છીએ." ઉલ્લેખનીય છે કે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (MUDA) દ્વારા તેમની પત્નીને ૧૪ પ્લોટ ફાળવવાના સંદર્ભમાં મુખ્યમંત્રી પર આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે રાજ્ય કોંગ્રેસ સરકારે CBIની પરવાનગી પાછી ખેંચવાનો નિર્ણય કર્યો હોવાનું મનાઈ રહ્યું છે.

## તંત્રી લેખ...

# રાજ્યમાં રખડતા ઢોરને કારણે અનેક લોકોના મોત થાય છે

આપણા દેશને ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. આજના યુગનો આધુનિક માનવી જે પ્રગતિ કરી છે તેમાં ખાસ કરીને ગાયનો વિશેષ ફાળો રહેલો છે, ગાયના કારણે કૃષિ ક્ષેત્ર આધુનિક કરણ થઈ વધારે અનાજનું ઉત્પાદન થયું. જેના કારણે માનવીની પ્રગતિ દિવસે દિવસે વધી અને આધુનિક માણસ બન્યો. આપણા શાસ્ત્રોમાં ગાયને કામધેનુ ગણવામાં આવે છે. ઘર આંગણે બાંધેલી ગાય ચોક્કસ પૂજનીય છે અને તેની સેવા કરવાથી ચોક્કસ આશીર્વાદ મળે પરંતુ મારા મત મુજબ રખડતી ગાયો માટે આ લાગુ પડતું નથી! રખડતી ગાયો એ પશુપાલકો અને સરકારની ઉદાસીનતાના કારણે અથવા સરકારની આંખ આડા કાન કરવાની વૃત્તિના કારણે આ પવિત્ર પ્રાણી ગાય પણ વેદના ભોગવતું હશે. ગાયને રસ્તા કે શાકમાર્કેટમાં રખડતી મૂકી દેનારા પશુપાલકો આ માટે તંત્ર પર દોષનો ટોપલો ઢોળે છે. શહેરનો વિકાસ થવાથી ગામતળ વિસ્તારમાં હવે ગાયને બાંધવાની કે તેના ચારા માટેની જગ્યા ન હોઈ ગાય રખડતી મૂકી દેવાય છે તેવી દલીલ અમુક પશુમાલિકો કરતાં આવ્યા છે. બીજી તરફ સત્તાધીશો પણ ગાયને પકડીને પાંજરાપોળમાં પૂરવા મામલે ખાસ સક્રિયતા દાખવતા નથી. જેના કારણે પશુપાલકો દરરોજ ભીંસમાં મુકાતા નથી. સરકારી તંત્ર, હાઈકોર્ટમાં કરેલી ટકોર પછી પણ કુંભકર્ણ નિદ્રામાં હોય તેવં લાગી રહ્યું છે. આ અંગે ગુજરાત હાઈકોર્ટે પણ સરકારની ઝાટકણી કાઢી હતી. જો કે આ તમામ ઘટનાઓ બાદ પણ રખડતા ઢોરનો ત્રાસ ઓછો થયો નથી. હાલ રાજ્યમાં રખડતા ઢોરને કારણે અનેક લોકોના મોત થાય છે. રાજ્યના દરેક શહેર અને ગામોમાં રખડતા ઢોર મોટી સમસ્યા બની રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટે ગયા મહિને જ સત્તાધીશોને રખડતા પ્રાણીઓની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે કેટલાક નક્કર પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. રખડતા ઢોર માર્ગ અકસ્માતો માટે ખૂબ જ જવાબદાર સાબિત થઈ રહ્યા છે અને માર્ગ અકસ્માતોમાં મૃત્યુનું સૌથી મોટું કારણ છે. જો કે આ સત્યને લોકો સ્વીકારવા તૈયાર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરભરનો કોઈ પણ વિસ્તાર રખડતી ગાયના કારણે સલામત રહયો નથી. એઠવાડ અને સૂકો કચરો ખાઈને પેટ ભરતી ગાયોને સવાર-સાંજ દૂધ કાઢીને તેના માલિકો છુટ્ટી મૂકી દેતા હોય છે.

## દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ રાજકીય રીતે પાછા સક્રિય થયા

લિકર કેસમાં લગભગ છ મહિનાનો જેલવાસ ભોગવીને બહાર આવેલા દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ રાજકીય રીતે પાછા સક્રિય થઈ ગયા છે. કેજરીવાલ એક તરફ હરિયાણામાં આમ આદમી પાર્ટીનો પ્રચાર કરી રહ્યા છે ત્યારે બીજી તરફ તેમણે ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસના વડા મોહન ભાગવતને પત્ર લખીને પાંચ સવાલ પૂછ્યા છે. કેજરીવાલે ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગથી માંડીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃત્તિ સુધીના પાંચ મુદા પર ભાગવતને સવાલો પૂછ્યા છે. કેજરીવાલે ૨૨ સપ્ટેમ્બરે દિલ્હીના જંતર-મંતર પર એક જનસભા દરમિયાન ભાગવતને આ પાંચ સવાલો પૂછ્યા હતા. હવે તેમણે ભાગવતને પત્ર લખીને આ સવાલો દોહરાવ્યા છે. કેજરીવાલે લખ્યું છે કે, આ પત્ર તેમણે એક રાજકીય પક્ષના નેતા તરીકે નહીં પણ એક સામાન્ય નાગરિક તરીકે લખ્યો છે કેમ કે દેશના કરોડો સામાન્ય લોકોના મનમાં આ સવાલ ઉઠી રહ્યા છે. ભાગવતે દેશના સામાન્ય લોકોને ખાતર આ સવાલોના જવાબ આપવા જોઈએ. કેજરીવાલે એમ પણ લખ્યું છે કે, પોતે ભાજપ સરકારની નીતિઓને દેશ માટે નુકસાનકારક માને છે. ભાજપની નુકસાનકારક નીતિઓના કારણે દેશની હાલની સ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે અને આ સ્થિતિ ચાલુ રહેશે તો દેશની લોકશાહી જોખમમાં આવી શકે છે. કેજરીવાલે આશા વ્યક્ત કરી કે મોહન ભાગવત આ સવાલોના જવાબ આપશે અને દેશને આ મુદ્દાઓ પર તેમનો અભિપ્રાય જાણવાનો મોકો મળશે. મોહન ભાગવત કેજરીવાલના સવાલોના જવાબ આપશે કે નહી એ સવાલ સૌને થઈ રહ્યો છે. તેની વાત કરીએ એ પહેલાં કેજરીવાલે મોહન ભાગવતને કરેલા પાંચ સવાલની વાત કરી લઈએ. કેજરીવાલનો પહેલો સવાલ ભાજપના નેતા બીજા પક્ષોના નેતાઓને તોડીને લઈ આવે છે એ અંગે છે. કેજરીવાલનું કહેવું છે કે, મોદી સરકાર દેશભરમાં ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્રીય એજન્સીઓની ધમકી આપીને કે લાલચ આપીને બીજા પક્ષોના નેતાઓને તોડી લાવે છે અને સરકારો તોડી નાખવામાં આવી રહી છે. કેજરીવાલે સવાલ કર્યો છે કે, આ રીતે ચૂંટાયેલી સરકારોને પછાડવી યોગ્ય છે અને સંઘ આ નીતિને સ્વીકારે છે? કેજરીવાલનો બીજો સવાલ ભ્રષ્ટ નેતા ભાજપમાં જોડાઈ રહ્યા છે તે અંગે છે. કેજરીવાલને કહેવા પ્રમાણે જે કેટલાક નેતાઓને ખુદ વડા પ્રધાન મોદી અને અમિત શાહે ભ્રષ્ટ કહ્યા હતા એ જ નેતાઓને થોડા દિવસ પછી ભાજપમાં લઈ અવાય છે અને પછી એ બધા સ્વચ્છ થઈ જાય છે. સંઘે આવી ભાજપની કલ્પના કરી હતી? આ બધું જોઈને તમને દુઃખ નથી થતું? કેજરીવાલે સવાલ કર્યો છે કે, ભાજપ ખોટા રસ્તે જાય તો તેને સાચા રસ્તે લાવવાની જવાબદારી સંઘની છે તો તમે ક્યારેય પીએમ મોદીને ખોટા કામો કરતા રોકવાનો પ્રયાસ કર્યો છે ખરો? કેજરીવાલે આરએસએસ અને ભાજપના સંબંધો અંગે પણ સવાલ કર્યો છે. ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ લોકસભા ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે, હવે ભાજપને આરએસએસની જરૂર નથી. આ નિવેદનથી આરએસએસના કાર્યકરોને દુઃખ થયું છે ત્યારે તમે આ વિશે શું વિચારો છો? કેજરીવાલે સૌથી વિવાદાસ્પદ સવાલ મોદીની નિવૃત્તિ અંગે કર્યો છે. કેજરીવાલના કહેવા પ્રમાણે, ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ બનાવવામાં આવ્યો હતો. આ નિયમ હેઠળ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા દિગ્ગજ નેતાઓને નિવૃત્ત કરવામાં આવ્યા હતા. કેજરીવાલે સવાલ કર્યો છે કે, આ નિયમનું ભાજપમાં હજુ પાલન થઈ રહ્યું છે અને મોદીને પણ આ નિયમ લાગુ પડવો જોઈએ કે નહીં ? કેજરીવાલના સવાલો રસપ્રદ છે પણ ત્રણ સવાલ એવા છે કે જે ભાગવતને લાગુ પડતા નથી. આ પૈકી સૌથી એક સવાલ મોદીની નિવૃત્તિને લગતો છે. ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ બનાવવામાં આવ્યો કે નહીં એ વિશે ભાગવત કઈ રીતે જવાબ આપી શકે ? આ ભાજપની આંતરિક બાબત છે ને તેનો જવાબ ભાજપ પાસે માગવો જોઈએ. સંઘ ભાજપનું પિતૃ સંગઠન મનાય છે ખરું પણ ભાજપ કંઈ દરેક વાત સંઘને પૂછીને કરે એ જરૂરી નથી.

**ભારત સ્વતંત્ર થયા પછી ભારતે વૈજ્ઞાનિક રીતે પ્રમાણમાં ઘણો વિકાસ કર્યો, એમાં પણ છેલ્લા બે દાયકામાં તો વધુ વિકાસ જોવા મળ્યો**

# ગાંધીજીએ ગણાવેલા સાત સામાજિક પાપમાં સંવેદનહીન વિજ્ઞાન એ સૌથી મોટું પાપ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આ એ જ દેશ છે, જ્યાં કલકત્તાની અતિશય ગરીબી જોઈ, એક સ્ત્રી પાસેના એક જ વસ્ત્રને કારણે, તેણે તે ધોઈને તડકે સૂકવ્યુ અને ગાંધીજીએ પોતાની ઉપરનું ઉપવસ્ત્ર સ્ત્રીને આપ્યું હતું, ત્યારથી તેઓ માત્ર પોતડી પહેરતા, જ્યારે આજે સરેઆમ સ્ત્રીની ઈજ્જતના વસ્ત્રો ખેંચાઇ રહ્યા છે.**

આજે બીજી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતી છે, ભારતીય સમાજમાં આજે ગાંધીજી વિશે પ્રિય, અપ્રિય એવો વિરોધાભાસ જોવા મળે છે. ગાંધીજી વિશે બધું જ જાણીએ છીએ, છતાં સમાજમાં જોઈએ એટલું આચરણ કેમ નથી થતું? આપણે ત્યાં એક પ્રથા છે, એટલે કે જે કોઈ અવસર હોય એને લઈને તેનો માહોલ બને એ માટે થોડી એ પ્રકારની વ્યવસ્થા કરવામા આવે છે. બસ આજે સમાજમાં ઠેરઠેર આ જ ક્રિયા થવાની છે, એટલે કે રાષ્ટ્રીય પર્વ છે, અને એ માહોલમાં આપણે તરત આવી જઈએ, એ માટે દેશભક્તિના ગીતો વાગશે, ગાંધીજીનાં ચિત્રો કે મૂર્તિઓ પર હારતોરા કરવામાં આવશે, ગાંધીજી વિશે સુંદર સુંદર વાતો કરવામાં આવશે, અને બધાં ખાદીના વસ્ત્રો ધારણ કરશે, પરંતુ શું એટલું પર્યાપ્ત છે? એવું મનોમન વિચારી એ તો જવાબ ''ના'' મળશે, અને હકીકતમાં ગાંધી એ શું હતા? એવો પ્રશ્ન થશે. ૧૮૬૯ની બીજી ઓક્ટોબરે ગુજરાતના સૌરાષ્ટ્ર પંથકમાં આવેલા પોરબંદર શહેરમાં કરમચંદ ગાંધી અને પૂતળીબાઈ નામના વણિક દંપતીને ઘેર એક બાળકનો જન્મ થયો, અને તેનું નામ મોહનદાસ રાખવામાં આવ્યું. આપણે સૌ જાણીએ છીએ તેમ મોહનદાસને બેરિસ્ટરની પદવી માટે વિલાયત ભણવા મોકલવામાં આવ્યાં હતાં, એટલે કે બહુ સ્વાભાવિક રીતે જ ગરીબ પરિવાર ન્હોતો એવું કહી શકાય. ત્યાં કોઈ સીધા મહાત્માનો કે રાષ્ટ્રીય સંતનો જન્મ થયો નહોતો, પહેલા તો એ મોહન એટલે કે એક સામાન્ય માણસ હતાં. બહુ ઓછાંને આંખો બંધ કરે ત્યારે મોહનદાસનું પાઘડી ગ્રહણ કરતા એ ચિત્ર દેખાતું હશે, મોટે ભાગે તો પોતડી પહેરેલાં, ગોળ ચશ્માવાળા, સાવ સપાટ મસ્તક, અને હાથમાં લાકડી લઈને ઉભેલા એક કડક મિજાજના છતાં, આનંદી સ્વભાવના ગાંધીજીનું ચિત્ર સૌને દેખાય, એટલે કે ચરિત્રની સચ્ચાઈ એટલી બધી તીવ્ર છે કે મોટેભાગે કોઈને મોહનદાસ યાદ નથી, માત્ર મહાત્મા બનેલા ગાંધીજી યાદ છે. પરંતુ ચરિત્ર સીધેસીધુ જન્મ લેતું નથી, એની માટે કેટલાય ત્યાગ નેં બલિદાન કરવા પડે છે, અને એ જ રીતે મોહનદાસે પણ પોતાની જીવનયાત્રામાં કેટલાય બલિદાનો આપ્યાં હશે. ભારતમાં સ્વતંત્રતાની જ્યારે લડત ચાલી રહી હતી, ત્યારે પણ દરેક લોકો ગાંધીજીના વિચારો સાથે સંમત થતા નહીં, અને એ વખતે પણ ક્રાંતિકારીઓ હતા જે, ધાક-ધમકી કે હિંસાના પ્રયોગથી આઝાદી મેળવવા માંગતા હતાં. પરંતુ નાનપણથી જ સત્ય અહિંસાનાં ગુણ જીવનમાં ઘર કરી ગયાં હતાં, અને એના ફાયદા વિશે પણ જાણતા હોવાથી, સમાજ ગુમરાહ ન થાય એ માટે તેઓએ સતત સમાજમાં જાગૃતિ બની રહે એવા પ્રવચનો કર્યા, તેમજ પોતાનું જીવન એટલી હદે સાદું બનાવ્યું, કે લોકો એને વિષે વિચારવા મજબૂર બન્યા. ભારત સ્વતંત્ર થયા પછી ભારતે વૈજ્ઞાનિક રીતે પ્રમાણમાં ઘણો વિકાસ કર્યો, અને એમાં પણ છેલ્લા બે દાયકામાં તો વધુ વિકાસ જોવા મળ્યો. પરંતુ આ વિકાસ માટે તેણે બલિદાન પણ ખૂબ આપ્યાં, એટલે કે આવા સિદ્ધ સાધુ પુરુષની વાત જો માની હોત તો પ્રમાણમાં, વૈજ્ઞાનિક રીતે કદાચ ઓછો વિકાસ થયો હોત, પરંતુ સામાજિક રીતે વધુ વિકાસ થયો હોત. ગાંધીજીએ ૭ સામાજિક પાપ ગણાવ્યા છે, એમાં સંવેદનહીન વિજ્ઞાનને સામાજિક પાપ છે, એવું કહ્યું છે. આપણે જે વૈજ્ઞાનિક વિકાસ કર્યો છે, તેમાં સંવેદનાનું મૂલ્ય ઘટતું જાય છે, એ આપણે જાતે અનુભવી એ છીએ. કારણકે સમાજમાં પહેલા કરતા માનવતા ખત્મ થતી જાય છે,જે ખરેખર ખતરો છે. પ્રદૂષણયુક્ત પ્રકૃતિમાં જે કંઈ અનાજ રૂપે કે પછી અન્ય કોઈ સાધન સામગ્રી તૈયાર થશે, એ પ્રદૂષણયુક્ત જ રહે. એટલે જે કોઈ એને ગ્રહણ કરે, તેમાં એ પ્રદૂષણ પ્રવેશ કરે, અને એમાંથી જે વિકાર ઉત્પન્ન થાય, એ વિકારને કારણે માનવીય બુદ્ધિ અસંતુલન અનુભવે, આ આ અસંતુલનને કારણે જ સામાજિક વિકાસ થતો નથી, અને આપણે ધીરે-ધીરે પતન તરફ એટલું આગળ વધી ગયા છીએ કે, હવે પ્રકૃતિ સંરક્ષણ એટલું ઝડપથી થઈ શકે તેમ નથી. આ ઉપરાંત અન્ન તેવો ઓડકાર એ સૂત્ર મુજબ આ વિકારીત બુદ્ધિ કે પ્રદૂષણયુક્ત આહાર ગ્રહણ કરીને બધાની માનસિકતા સ્વની આસપાસ કેન્દ્રિત થઈ ગઈ છે. મારું કોઈ નુકસાન ન હોય તો અન્યની પંચાતમાં મારે શું કામ પડવું જોઈએ? એવી વૃત્તિ પણ ધીરે ધીરે બધાની થતી જાય છે, અને એને કારણે પીડિત કે અન્યાયનો ભોગ બનેલાં કે પછાત સામે જોઈએ તેટલું સામાજિક કાર્ય થતું નથી. આ એ જ દેશ છે, જ્યાં કલકત્તાની અતિશય ગરીબી જોઈ, એક સ્ત્રી પાસેના એક જ વસ્ત્રને કારણે, તેણે તે ધોઈને તડકે સૂકવ્યુ અને ગાંધીજીએ પોતાની ઉપરનું ઉપવસ્ત્ર સ્ત્રીને આપ્યું હતું, ત્યારથી તેઓ માત્ર પોતડી પહેરતા. જ્યારે આજે સરેઆમ સ્ત્રીની ઈજ્જતના વસ્ત્રો ખેંચાઈ રહ્યા છે. એક દિવસ એવો નહિ હોય કે જ્યાં ફલાણી જગ્યાએ સ્ત્રીનું શોષણ કે ત્યાં તેનો બળાત્કાર ન થયો હોય. હજી તો ઘરેલુ હિંસા ગણીએ તો આવા તો કેટલાય ઘર હશે, જ્યાં આઝાદીના આટલા વર્ષે પણ તેનું સાચું મૂલ્યાંકન ન થતાં ક્યાંક દેશવાસીઓ કોઈને કોઈની ગુલામી ભોગવી રહ્યા છે. ખરેખર બીજી ઓક્ટોબર ને દિવસે આ રાષ્ટ્રીય સંતને શ્રદ્ધાંજલિ આપવી હોય તો, ગાંધીજીનાં અગિયાર મહાવ્રત વિશે વિચારીયે, અને દેશકાળ પ્રમાણે એમાં પરિવર્તન કરી, આપણાથી થાય એટલું એ વ્રતનું પાલન કરીએ તો, સમાજમાં ઘણો સુધાર આવશે. પણ એની માટે દરેકે દરેક જણાએ વ્યક્તિગત રીતે જાગૃત થઈને આ અગિયાર વ્રતનું પાલન કરવું પડે, તો જ કોઈ પરિણામ મળી શકે, અને માત્ર વિચારોમાં નહી, પરંતુ આચરણમાં તેને મૂકીને એ ગુણનો મહિમા અથવા એ વ્રતની પૃષ્ટિ કરી જીવનને સદ્ગુણોથી સમૃદ્ધ બનાવવાનું છે. કોઈપણ પ્રકારના ભોગ એ કાયમી સુખ આપી શકે નહીં, પણ સંસારી છીએ અને સામાજીક પ્રાણી હોવાથી, આ જ સમાજમાં આપણે સગા સંબંધીઓ સાથે રહેવાનું છે. અભાવનો ભાવ ઉત્પન્ન થાય, તો એ ભાવને પકડીને જીવનને ગાંધી મૂલ્યો અનુસાર સાંચી દિશાએ લઈ જઈ શકાય, એવાં સમયનો સદુપયોગ કરી, અને આ બીજી ઓક્ટોબર એ ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલી આપીને આપણો તથા દેશનો વિકાસ થાય એ માટે કંઈક કરી છૂટવાની એક અદમ્ય ભાવના સૌનાં હૃદયમાં અંકિત થાય, અને એની માટે ગાંધી ચરિત્રનું વારંવાર મનમાં સ્મરણ કરીએ. ગાંધીજીને જીવનમાં એમનાં ગુણો થકી જીવંત રાખીએ, તથા એની એકમાત્ર ઈચ્છા કે રામરાજ્યની સ્થાપના આપણે પૂર્ણે સાર્થક કરી શકીએ, તો આપણે એ રાષ્ટ્રપિતા ને શ્રદ્ધાંજલી આપી કહેવાશે. જય હિન્દ.

**માતાપિતાની સેવા પુત્રે કેવી રીતે કરવી જોઇએ તેનું ઉત્તમ દૃષ્ટાંત પુંડલિકનું છે, પુંડલિક માતાપિતાને સર્વસ્વ માની તેમની સેવા કરતો**

# ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે અને ભક્તિ વૈરાગ્ય વગર દૃઢ થતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે પ્રભો! હું મુક્તિ ઇચ્છતો નથી, મારા કર્મોનાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મ મૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારોજન્મ થાય ત્યાં ત્યાં ભગવાન ના લાડીલા પુણ્ય શ્લોક ભક્ત જનોનું મને સખ્ય મળી રહો ભગવાન, હું ફક્ત એટલું જ ચાહું છું કે, જે લોકો તમારી માયાથી શરીર, ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે, તેવાઓની સાથે મારો કોઈપણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ!**

બનાસકાંઠા પાટણ સહિત ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની હાથિયા નક્ષત્રમાં પધરામણી થતાં આવતું વર્ષ -૨૦૮૧ સર્વદા શ્રેષ્ઠ જશે તેવા શબ્દો અનુભવી વૃદ્ધોના મુખેથી નિકળી રહયા છે મિત્રો ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે પ્રભો! હું મુક્તિ ઇચ્છતો નથી. મારા કર્મોનાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મ મૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારોજન્મ થાય ત્યાં ત્યાં ભગવાનના લાડીલા પુણ્ય શ્લોક ભક્ત જનોનું મને સખ્ય મળી રહો ભગવાન, હું ફક્ત એટલું જ ચાહું છું કે,જે લોકો તમારી માયાથી શરીર, ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે, તેવાઓની સાથે મારો કોઈપણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ! ભાવ શરણાગતિની કેવી અદ્ભુત પ્રાર્થના છે. જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શરણે જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે. વૃત્રાસુરમાં કેટલું દૈત્ય છે!તે કહે છે, તે ભાગવત સેવા કરવા હું લાયક નથી. હું તો ભગવાનના દાસનો દાસ છું, ને દાસના દાસની સેવા કરીશ. હું તો ભગવાનની સેવા કરનાર વૈષ્ણવોની સેવા કરીશ. (દાસાનુદાસ) વૃત્રાસુર એક-એક ઈન્દ્રિયને પ્રભુ સમર્પિત કરે છે, ભક્તિરસનું દાન કરે છે. મારી વાણી શ્રીકૃષ્ણકીર્તન કરો, મારા કાન તમારી કથા સાંભળો વગેરે. ભક્તિ વૈરાગ્ય વગર દઢ થતી નથી. એટલે વૃત્રાસુરને ભક્તિ કરી ઈન્દ્રનું રાજ્ય લેવાની કે મોક્ષની અપેક્ષા નથી. વૃત્રાસુર કહે છે, મને સ્વર્ગનું તો શું બ્રહ્મલોકનું રાજ્ય પણ જોઈતું નથી. ભોગ એ ભક્તિ માં બાધક છે. વૃત્રાસુર કહે છે, મને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી. તમારી સેવા કરું છું તે ફક્ત તમારા માટે, કોઈ ભોગની કે કુળની આશાએ નહીં જ. આમ અપૂર્વ છે વૃત્રાસુરની શરણાગતિ. જ્ઞાન-વૈરાગ્ય વધે એટલે સર્વ ભગવાનમય લાગે છે. હવે હુંપણું રહેતું નથી. જગતમાં ભગવાન જ છે. તે સિવાય બીજું કાંઈ નથી. 'હું' રહેતું નથી. હુંપણું ઈશ્વરમાં લીન થાય છે. શરણાગતિ વૈરાગ્ય વિના દૃઢ થતી નથી. વૃત્રાસુર કહે છે કે, પ્રભુ તમારાં દર્શન માટે મને આતુર બનાવો. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. ભગવાનનાં દર્શન માટે કેવી આતુરતા જોઈએ તે વૃત્રાસુર બતાવે છે. પંખીનાં બચ્ચાં જેવી, વાછરડાં જેવી ને વિરહિણી પત્ની જેવી રોમરોમથી બોલતીઆતુરતા જોઈએ. જીવ પરમાત્માનેપરિપૂર્ણ પ્રેમ આપતો નથી. એટલે જીવ ઈશ્વરને ગમતો નથી.જીવ પ્રેમ આપે છે સ્ત્રીપુત્રાદિકમાં મને એક જ ઈચ્છા થાય છે તમારા દર્શન માટે હું આતુર બનું. છેલ્લે વૃત્રાસુરે સત્સંગની માગણી કરી છે. મને જો જન્મ મળવાનો હોય તો વૈષ્ણવના ઘરની ગાય થવા હું તૈયાર છું. મારું દૂધ પ્રભુના માટે વપરાય તે બસ.પશુ શરીરમાં પણ મને સત્સંગ માથે ભગવાન મુક્તિ જલદી આપે છે, ભક્તિ જલદી આપતા નથી. ભગવાન ભક્તિ આપે, તો કોઈ વખત એમને ઘરે સેવક બનવું પડે છે. ભક્તિ સ્વતંત્ર પરમાત્માને પ્રેમનાં બંધનમાં પરતંત્ર બનાવે છે. તેથી ભગવાન મુક્તિ આપે છે, પણ ભક્તિ આપતા નથી. પણ ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે. ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. વૃત્રાસુર ના શરીરમાંથી



નીકળેલું તેજ ભાગવત સ્વરૂપમાં લીન થયું. ભગવાને વૃત્રાસુરનો ઉદ્ધાર કર્યો. પરમ પુષ્ટિસીમાનું આ દૃષ્ટાંત છે. હવે પ્રશ્ન થાય છે કે, આવો ભક્ત વૃત્રાસુર રાક્ષસ યોનિમાં કેમ જન્મ્યો? વૃત્રાસુરને શ્રીહરિમાં આટલી તીવ્ર ભક્તિ શાથી થઈ? એનો ખુલાસો કરતાં શુકદેવજી કહે છે, વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્ર કેતુ નામનો રાજા હતો. તેની રાણી નું નામ કૃતવૃતિ.તેને સંતાન ન હતું. અહીં શબ્દાર્થ નહીં,લક્ષ્યાર્થ લેવા નો છે. ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરે તે ચિત્રકેતુ.આપણું મન ચિત્ર વિચિત્ર કલ્પનાઓ કરે છે. કૃતવૃતિ એ બુદ્ધિ છે. અનેક વિષયોનો મન વિચાર કરે છે, એમાં ચિત્રકેતુનો જન્મ થાય છે. જગતમાં બહારનાં ચિત્રો જે મન માં ઠસી ગયાં છેતે ભજનમાં વિઘ્ન કરે છે. પાંખો આવી ન હોય એવા પક્ષી ઓના બચ્ચાં જેમ માતાની રાહ જુએ ભૂખ્યા વાછરડાં જેવી રીતે પોતાની માતાઓની રાહ જુએ અને વિયોગીની પત્ની પોતાના પતિને મળવા જેવી અધીરી બની રહે તેવી રીતે હે કમલનયન! મારું મન આપનાં દર્શન કરવા માટે તરફડિયાં મારી રહ્યું છે. ફરતાં ફરતાં અંગિરાઋષિ એક દિવસ રાજાના ઘરે પધાર્યા. ચિત્રકેતુ રાજાએ અંગિરાઋષિ પાસે પુત્રની માગણી કરી. અંગિરાઋષિ સમજાવે છે, પુત્રના માબાપને ક્યાં શાંતિ છે? તારે ત્યાં છોકરો નથી એ જ સારું છે. પણ રાજાના મનમાં અનેક ચિત્રો ઠસી ગયાં હતાં એટલે તેણે દુરા ગ્રહ કર્યો. અંગિરાઋષિની કૃપાથી રાજાને ત્યાં પુત્રજન્મ થયારાજાને બીજી રાણીઓ હતી.ઈર્ષાવશ ઓરમાન માએ બાળકને કેરે આપ્યું.બાળક મરણ પામ્યો. ચિત્ર કેતુ અને કૃતવૃતિ રડવા લાગ્યાં તે સમયે ન ઉપદેશ કર્યો. તમે પુત્ર માટે ન રડો. હવે તમે તમારા માટે રડો! એ પુત્ર તમારો હતો જ નહીં.આ મંગિરા ઋષિ સાથે ત્યાં આવ્યા.પુત્રના મરણથી રાજા રાણીને વિલાપ કરતાં જોઈ નારદજીએ!. પ્રકારો આણે છેઃ પૂર્વજન્મનો વેરી, વેર વાળવા પુત્ર તરીકે આવે છે તેને શત્રુપુત્ર કહે છે લગ્ન ન થાય ત્યાં સુધી માતા પિતા પાસે રહે. માબાપ પાસે કાંઈ માગે નહીં અને આપે પૂર્વ જન્મનો લેણ દાર માગણું-ઋણ વસૂલ કરવા આવે છે તેને ઋણાનુ બંધી પુત્ર કહે છે જસ નહીં, લેવા દેવાનો સંબંધ રાખે જ નહીં.આવા પુત્રને ઉદા સીન પુત્ર ન કહે છે.લગ્ન થતાં જ એ ચાલી જાય છે. માબાપની સેવા કરવા રહેતો નથી. માબાપ સમજે કે, છોકરાને ચાર હાથ થય તો મારી સેવા કરે. પણ લગ્ન થયા પછી હાથ જેમ ચાર થાય છે, તેમ પગ પણ ચાર થાય છે.ચાર પગ વાળું કોણ? સમજી ગયાને? પૂર્વ જન્મમાં કોઈની સેવા કરી હશે તો તે સેવક પુત્ર થઈને આવશેને તમારી સેવા કરો તેને સેવક પુત્ર કહે છે. માતાપિતાની સેવા પુત્રે કેવી રીતે કરવી જોઇએ તેનું ઉત્તમ દૃષ્ટાંત પુંડલિકનું છે. પુંડલિક માતા પિતાને સર્વસ્વ માની તેમની સેવા કરતો. માતાપિતાની આ સેવાથી ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા અને તેને દર્શન આપવા પધાર્યા. ભગવાન આંગણે આવ્યા ત્યારે પણ પુંડલિક માતા પિતાની સેવા કરતો હતો. ભગવાન બહાર ઊભા રહ્યા પુંડલિક ભગવાનને કહે માતાપિતા ની સેવા પહેલી પછી તમે! આમ કહી ભગવાનને ઊભા રહેવા માટે તેણે ઈંટ ફેંકો અને કહ્યું કે,આ ઈંટ ઉપર આપ ઊભા રહો. ભગવાન સાક્ષાત્ આવ્યા તો પણ પુંડલિક માતા પિતાની સેવાનું કાર્ય ન છોડયું. ઈંટ ઉપર ભગવાન ઊભા રહ્યા એટલે ઈંટનું થયું વીંટ અને નામ પડ્યું વિઠોબા. ઈંટ ઉપર ઊભા રહેતાં ભગવાનને થાક લાગ્યો એટલે કેડ ઉપર હાથ દઈને ઊભા. આજે પણ પંઢરપુર માં તેઓ કેડ ઉપર હાથ રાખી ઊભા છે. પુંડલિકે ઊભા રાખેલા ત્યારના હજુ તેમ તે તેમ ઊભા છે, નારદજી ચિત્રકેતુ રાજાને સમજાવે છે કે, આ તમારો દીકરો શત્રુ-પુત્ર તરીકે આવેલો, તે મરણ પામ્યો. તેમાં દુઃખી થવાનું કંઈ કારણ નથી. સ્ત્રી, ઘર, ધન, ઐશ્વર્ય, વિષયો, સમૃદ્ધિ,સેવક, મિત્રો, સગાંસંબંધી વગેરે શોક,મોહ,ભોગ અને દુઃખ આપનારાં છે. આ સર્વ નાશવંત છે જીવના હજારો જન્મ થયેલા, થાય છે અને થવાના છે. તેમાં કોણ કોનો સગો અનેસંબંધી જળના પ્રવાહમાં રેતીના કણો જેમ એકઠા થાય અને પડે છેતેમ સત્યના પ્રવાહમાં સંસારમાં પ્રાણીઓ મળે છે અને જુદાં પડે છે.તોયે રાજાના મનને સાંત્વન ન મળ્યું ત્યારે તે મૃત રાજકુમારના જીવાત્માને ત્યાં લાવવાય આવ્યો. તેને કહેવામાં આવ્યું કે, તારા પિતા તને યાદ કરે છે. ત્યારે એ કહે, હું તો કોઈને ઓળાબાદ નથી. મારા હજારો જન્મ થયા છે. તેમાં કયા જન્મના પિતાની તમે વાત કરો છો? કહી તે જીવાય ચાલી ગયો.પછી નારદજી કહે, જેના માટે તું રડે છે, તે તો તારી સામું જોવા પણ તૈયાર નથી.આમ નારદજીએ ચિત્રકેતુને દિવ્યજ્ઞાન આપ્યું અને સંકર્ષણ મંત્રનો ઉપદેશ કર્યો. ચિત્રકેતુ રાજાએ તે પછી તપશ્ચર્યા કરી અને ભગવાનના નામના જપ કર્યા. આથી તેમને ભગવાનનાં દર્શન થયાં. તેનાં સર્વ પાપો ક્ષય પામ્યાં.ચિત્રકેતુ મહા યોગી અને મહાન સિદ્ધ થયો. ભગવાને તેને પાર્ષદ બનાવ્યો. એક દિવસ તે આકાશમાં વિહાર કરતો હતો.ફરતો ફરતો તે કૈલાસધામમાં આવ્યો.જોયું તો શિવજીની ગોદમાં પાર્વતીજી બેઠાં છે. તેને આ પ્રમાણે બેઠેલાં જોઈ ચિત્ર કેતુના મનમાં કુભાવ આવ્યો વિષય વાસનામાંથી ચિત્રકેતુનો જન્મ થાય છે. ચિત્રકેતુ સંસારી ભાવથી શિવ-પાર્વતીને જુએ છે. આ ચરિત્ર ઉપરથી લાગે છે કે, કેવળ સગુણનો સાક્ષાત્કાર કરે તેથી મન શુદ્ધ થતું નથી.સાક્ષાત્કારથી પણ મનની ચંચળતા નાશ થતી નથી. સગુણ, નિર્ગુણ ભક્તિ હોય ત્યારે જ જીવનો શિવ થાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જે જાણ્યું તે ગમ્યું હશે. કાળઝાળ ગરમી બફારાથી રાહત મળે તેવી મેઘરાજાની પધરામણી થઈ રહી છે હજુ થશે તેવું હવામાન વિભાગ દ્વારા જાણવા મળે છે. નવરાત્રમાં શક્તિ આરાધના ઉપાસના ગરબા ગરબીની રમઝટ જામે પછી ભલે મેઘરાજા આવે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### કંગનાનો ફરી નવો વિવાદ!

# પ્રોજેક્ટથી નારાજ થઈ કહ્યું- 'અમારા દેવતાનો આદેશ



### વાસ્તવમાં વીજળી મહાદેવ મંદિર માટે ૨૭૨ કરોડ રૂપિયાના ખર્ચે રોપ-વે બનાવવામાં આવનાર છે

વિવાદાસ્પદ નિવેદનોના કારણે હંમેશામાં ચર્ચામાં રહેતી ભાજપના સાંસદ અને બોલિવૂડની જાણીતી અભિનેત્રી કંગના રનૌત ફરી નવો વિવાદ ઉભો કરી તેણે કેન્દ્ર સરકારની મુશ્કેલી વધારી છે. આ વખતે કંગનાને ગડકરી દ્વારા શિલાન્યાસ કરેલા પ્રોજેક્ટથી વાંધો પડ્યો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ છ મહિના પહેલા હિમાચલ પ્રદેશના કુલ્લુ સ્થિત ખરાહલ ખીણમાં વીજળી મહાદેવ રોપ વે પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. હવે આ ૨૭૨ કરોડના પ્રોજેક્ટનો કંગના રનૌતે વિરોધ કરવાનો શરૂ કરી દીધો છે. વાસ્તવમાં વીજળી મહાદેવ મંદિર માટે ૨૭૨ કરોડ રૂપિયાના ખર્ચે રોપ-વે બનાવવામાં આવનાર છે, જોકે જ્યારથી આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે, ત્યારથી ખરાહલ અને કશાવરી ખીણના ગ્રામીણો તેનો વિરોધ કરી રહ્યા છે. ગ્રામીણોએ અગાઉ રસ્તા પર ઉતરીને દેખાવો કર્યા હતા. તેઓનું કહેવું છે કે, રોપ-વે બનવાના કારણે દેવતા ખુશ નથી. પ્રોજેક્ટથી રોજગારીને પણ ખરાબ અસર પડશે. આ પ્રોજેક્ટના કારણે અનેક વૃક્ષો કાપવામાં આવ છે, જેનાથી પર્યાવરણને પણ નુકસાન થશે. ભાજપ સાંસદ કંગના રનૌતે કહ્યું કે, 'મેં આ પ્રોજેક્ટ મુદ્દે નીતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. જો અમારા દેવતા ન ઈચ્છે તો આ પ્રોજેક્ટ બંધ થવો જોઈએ. હું ફરી નીતિન ગડકરીને મળીશ. અમારા માટે અમારા દેવતાનો આદેશ આધુનિકીકરણથી પણ વધુ મહત્વનો છે.'




# કેબીસીમાં અમિતાભ બચ્ચને કર્યો શોકિંગ ખુલાસો

### બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન હાલમાં ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ ૧૬'ને હોસ્ટ કરી રહ્યા છે

બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન હાલમાં ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ ૧૬'ને હોસ્ટ કરી રહ્યા છે. આ શો દરમિયાન બિગ બી સ્પર્ધકો સાથે વાતચીત કરતા હસતા અને મજાક કરતા જોવા મળે છે. ક્યારેક તેઓ પોતાના જીવનની અમુક રસપ્રદ વાતો પણ બધા સાથે શેર કરતા જોવા મળે છે. આવો જ એક કિસ્સો તાજેતરમાં અમિતાભ બચ્ચને લોકપ્રિય પોપસ્ટાર માઈકલ જેક્સન સાથે સંબંધિત તેમને સંભળાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જયારે મેં પહેલી મીટિંગમાં માઈકલ જેક્સનને જોયા હતા, ત્યારે હું તેમણે જોઈને લગભગ બેહોશ થઈ ગયો હતો. તાજેતરમાં પદ્મશ્રી એવોર્ડ વિજેતા ડૉ. અભય અને ડૉ. રાની બંગ KBC મંચ પર ભાગ લેવા માટે આવ્યા હતા. તેમની સાથે રમતી વખતે અમિતાભ બચ્ચને રાની બેંગને તેમના પ્રિય ગાયક વિશે પૂછ્યું હતું. તે વાતચીત દરમિયાન માઈકલ જેક્સનની વાર્તા સામે આવી હતી. પોપ કિંગનું નામ સાંભળતાની



સાથે જ અમિતાભ બચ્ચન જૂની યાદોમાં ખોવાઈ ગયા. આ દરમિયાન અમિતાભ બચ્ચને માઈકલ જેક્સન સાથેની તેમની પહેલી મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'હું ન્યૂયોર્કની એ જ હોટલમાં રોકાયો હતો જ્યાં માઈકલ જેક્સન પણ રોકાયા હતા. એક દિવસ મેં મારા રૂમનો દરવાજો ખટખટાવવાનો અવાજ સાંભળ્યો. પછી મેં ઊઠીને દરવાજો ખોલ્યો ત્યારે સામે માઈકલ જેક્સન ઊભા હતા. હું તેમને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. એમને જોઈને હું બેહોશ થવનો હતો, પરંતુ મેં મારી જાતને નિયંત્રિત કરી અને સંયમ જાળવી રાખ્યું, પછી મેં માઈકલ જેક્સનનું અભિવાદન કર્યું, અને તેમણે મને પૂછ્યું કે શું આ મારો રૂમ છે? જ્યારે મેં 'હા' કહ્યું ત્યારે તેમને પોતાની ભૂલ સમજાઈ હતી. તે સમયે તેમને ખ્યાલ આવ્યો કે તેમણે ભૂલથી કોઈ બીજાનો દરવાજો ખખડાવ્યો હતો.', અમિતાભે આગળ કહ્યું હતું કે, 'આ પછી માઈકલ જેક્સન તેમના રૂમમાં જતા રહ્યા હતા. ત્યાંથી તેમણે બીજા કોઈને મારી પાસે મોકલ્યા. અને પછી અમે બંનેએ સાથે બેસીને વાતચીત કરી હતી.




### ટીઝરમાં હોરર સાથે કોમેડીનો ટચ, દિવાળી પર દર-હાસ્યની ધમાચકડી

# ભૂલ ભૂલૈયા ૩માં રૂહ બાબા અને મંજુલિકા વચ્ચે રોમાચંક જંગ જામશે


### અનીસ બઝમી દ્વારા નિર્દેશિત હોરર કોમેડીની ખાસ વાત એ છે કે મંજુલિકા ફિલ્મમાં પાછી ફરી છે

વર્ષની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. અનીસ બઝમી દ્વારા નિર્દેશિત હોરર કોમેડીની ખાસ વાત એ છે કે મંજુલિકા ફિલ્મમાં પાછી ફરી છે. મંજુલિકાએ અગાઉ ભૂલ ભુલૈયામાં અક્ષય કુમારનો સામનો કર્યો હતો અને હવે કાર્તિક આર્યન તેનાથી છૂટકારો મેળવતો જોવા મળશે. વર્ષ ૨૦૦૭માં પ્રિયદર્શન ફિલ્મ 'ભૂલ ભુલૈયા' લાવ્યા જે બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. ફિલ્મમાં વિદ્યા બાલને મંજુલિકા અને અક્ષય કુમારે ડોક્ટર આદિત્યની ભૂમિકા ભજવી હતી. પરેશ રાવલ, શાઈની આહુજા, અમીષા પટેલ અને રાજપાલ યાદવ અભિનીત આ ફિલ્મને લોકોએ ખૂબ વખાણી હતી. પછી ૧૫ વર્ષ પછી ૨૦૨૨ માં, અનીસ બઝમી દ્વારા દિગ્દર્શિત, ભૂલ ભૂલૈયા ૨ આવી અને અક્ષય કુમારની જગ્યાએ કાર્તિક આર્યન આવ્યો. આ ફિલ્મમાં તબ્બુ ડાકણની ભૂમિકામાં જોવા મળી હતી અને કાર્તિકની જોડી કિયારા અડવાણી સાથે હતી. ફિલ્મ સુપરહિટ થયા બાદ હવે ત્રીજી ફિલ્મ પણ આવી ગઈ છે. ભુલ ભુલૈયા ૩માં પહેલા કરતા વધુ રસ છે કારણ કે મંજુલિકા એટલે કે વિદ્યા બાલન તેમાં પાછી આવી છે. ફિલ્મના ટીઝરમાં મંજુલિકાની ઝલક બતાવવામાં આવી છે. રૂહ બાબાનું પાત્ર ભજવનાર કાર્તિક આર્યન મંજુલિકાથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો. અનીસ બઝમી દ્વારા નિર્દેશિત હોરર કોમેડીની ખાસ વાત એ છે કે મંજુલિકા ફિલ્મમાં પાછી ફરી છે ૧ મિનિટ ૪૬ સેકન્ડના ટીઝરમાં જોઈ શકાય છે કે મંજુલિકા જે પેલેસમાં રહે છે તેના રૂમનો દરવાજો ખુલી ગયો છે. ભૂતથી ન ડરતા રૂહ બાબાના હાથે જ્યારે રૂમનો દરવાજો ખુલે છે ત્યારે મંજુલિકાના ઓરગીના કારણે તેનો આત્મા પણ કંપી ઉઠે છે. ટીઝરમાં હોરર સાથે કોમેડીનો ટચ છે. તૃપ્તિ ડિમરી સાથે કાર્તિક આર્યનની રોમેન્ટિક સિક્વન્સ પણ આંખ ઉઘાડનારી છે. ટીઝર આઉટ થતા જ લોકો તેને બ્લોકબસ્ટર ફિલ્મ ગણાવી રહ્યા હતા. તે જાણીતું છે કે ભૂલ ભૂલૈયા ૩ માં કાર્તિક સાથે તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મમાં માધુરી દીક્ષિત અને રાજપાલ યાદવ જેવા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મ દિવાળી પર સિનેમાઘરોમાં આવશે.




### પ્રોડ્યુસર સાથે લગ્ન કર્યા બાદ આ એક્ટ્રેસનું કરિયર રહ્યું ફ્લોપ

# કેટલાક સમયથી રકુલનું કરિયર પાટા પરથી ઉતરી ગયું



### ૧૩ વર્ષના કરિયરમાં તેણે સૌથી મોટા સ્ટાર્સ સાથે વિવિધ ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે

આજે આપણે એક એવી અભિનેત્રી વિશે વાત કરીશું જે ૨૦૦૯થી ફિલ્મોમાં એક્ટિવ છે. ૧૩ વર્ષના કરિયરમાં તેણે સૌથી મોટા સ્ટાર્સ સાથે વિવિધ ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે.આજે આપણે એક એવી અભિનેત્રી વિશે વાત કરીશું જે ૨૦૦૯થી ફિલ્મોમાં એક્ટિવ છે. ૧૩ વર્ષના કરિયરમાં તેણે સૌથી મોટા સ્ટાર્સ સાથે વિવિધ ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે. તેણે અરુણ વિજય, મહેશ બાબુ, રામ પોથિનેની અને અલ્લુ અર્જુનથી લઈને અજય દેવગન, અમિતાભ બચ્ચન અને સિદ્ધાર્થ મલ્હોત્રા સુધીના ઘણા મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો કરી અને પોતાના દમદાર અભિનયથી દર્શકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. જો કે, તેને બોક્સ ઓફિસ પર ઘણી નિરાશાઓનો પણ સામનો કરવો પડ્યો છે. પ્રોડ્યૂસર સાથેના લગ્ન પછી તેનું કરિયર ફલોપ રહ્યું હતું.અમે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે અન્ય કોઈ નહીં પણ રકુલ પ્રીત સિંહ છે. રકુલે પોતાના કરિયરની શરૂઆત કન્નડ ફિલ્મ ગિલ્લી (૨૦૦૯)થી કરી હતી. તેણે તેલુગુ અને તમિલ સિનેમામાં અભિનય કર્યો હતો અને કેરાટમ (૨૦૧૧), થડૈયારા થાક્કા (૨૦૧૨) અને વેંકટાદ્રી એક્સપ્રેસ (૨૦૧૩), પાંડાગા ચેસ્કો (૨૦૧૫), સર્રૈનોડુ (૨૦૧૬), ધ્રુવ (૨૦૧૬) નન્નાકુ પ્રેમથો (૨૦૧૬) અને Spider (૨૦૧૭) જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું તમિલ અને તેલુગુ સિનેમા બાદ રકુલે બોલિવૂડમાં પણ સફળ ડેબ્યૂ કર્યું હતું. રકુલે યારિયાં (૨૦૧૪) થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.



# મેં સ્ક્રીન પર એટલીવાર લગ્ન કર્યા કે કંટાળી ગઇ

### અભિનેત્રીએ 'બોલ બચ્ચન'થી લઈને જ 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' જેવી ફિલ્મો કરી હતી



ટીવી શો 'કસમ સે' એ પ્રાચી દેસાઈને દરેક ઘરમાં લોકપ્રિયતા અપાવી છે. અભિનેત્રીએ ફિલ્મ 'રોક ઓન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ અભિનેત્રીએ 'બોલ બચ્ચન'થી લઈને જ 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' જેવી ફિલ્મો કરી હતી. ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૮ના રોજ સુરતમાં જન્મેલી પ્રાચી ૩૬ વર્ષની છે, પરંતુ તેણે લગ્ન કર્યા નથી. એક સમયે પરિણીત રોહિત શેટ્ટી સાથે તેના અફેરની વાતો ચાલી રહી હતી. બોલ બચ્ચનના સેટ પર રોહિત અને પ્રાચીની નિકટતા વધી ગઈ હતી. કેટલાક અહેવાલોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે બંનેએ સાથે રહેવાનું શરૂ કરી દીધું હતું પરંતુ પછી તેઓ અલગ થઈ ગયા. એક મેગેઝિન સાથે વાતચીતમાં પ્રાચીએ કહ્યું હતું કે, 'મને પ્રેમમાં દગો મળ્યો છે. હું જેને પ્રેમ કરતી હતી તેની પાછળ વિદેશ પણ ગઈ હતી. તેણે મને કહ્યું હતું કે હું ખાસ દેશમાં જઈ રહ્યો છું. આથી તેને સરપ્રાઈઝ આપવા હું પણ ત્યાં પહોંચી ગઈ. પરંતુ જયારે હું ત્યાં પહોંચી તો મને ખબર પડી કે તે ખોટું બોલી રહ્યો છે. તે એ જગ્યાએ હતો જ નહી.' આ બાબતે પ્રાચીએ કહ્યું કે, 'મેં આ વાત પર કોઈ ડ્રામા ન કરતા તેને સાયલન્ટ રીતે ટ્રીટ કરવાનું યોગ્ય સમજ્યું હતું. હું આ જ રીતે દરેક બાબતનો સામનો કરું છું.' એક અન્ય ઈન્ટરવ્યૂમાં પ્રાચીએ લગ્ન વિશે વાત કરી હતી કે, 'મે સ્ક્રીન પર એટલીવાર લગ્ન કર્યા છે કે મને લાગે છે કે હું તેનાથી કંટાળી ગઈ છું.' અભિનેત્રીએ કહ્યું કે, 'જ્યારે મારા મિત્રો મને કહે છે કે તેમના માતા-પિતા લગ્નની જીદ કરે છે તો મને અજીબ લાગે છે. કારણ કે મારા માતા-પિતા ક્યારેય આવું કરતા નથી. હું મારી શરતો પર જીવું છું, મને સ્વતંત્રતા ગમે છે અને હું લગ્ન માટે મારી સ્વતંત્રતા છોડી શકતી નથી. પછી ભલે લગ્નમાં થોડા વધુ સમય પછી જ થાય.'

**૩૬ વર્ષની જાણીતી અભિનેત્રી હજુ 'કુંવારી'**




### બોલિવૂડમાં આજે પણ નેપોટિઝમના અનેક કિસ્સાઓ જોવા મળે છે

# સ્ટીરિયોટાઈપિંગ એક્ટિંગનો શિકાર બન્યા

### ફિલ્મી જગતમાં વંશવાદ-ઓળખાણ વિના કામ મળતુ ન હોવાનુ સ્ટીરિયો આજે પણ અકબંધ

બોલિવૂડમાં આજે પણ નેપોટિઝમના અનેક કિસ્સાઓ જોવા મળે છે. ફિલ્મી જગતમાં વંશવાદ અને ઓળખાણ વિના કામ મળતુ ન હોવાનુ સ્ટીરિયો આજે પણ અકબંધ છે. આ સિવાય ઘણા કલાકારો એવા પણ છે કે, જેમની એક્ટિંગ અને પર્સનાલિટીની એક ચોક્કસ છબી નિર્માતાઓ અને દિર્ગદર્શકોના મનમાં ઘડાઈ ગયા બાદ તેને દૂર કરવી ખૂબ મુશ્કેલ બને છે. ફિલ્મી જગતમાં વંશવાદ અને ઓળખાણ વિના કામ મળતુ ન હોવાનુ સ્ટીરિયો આજે પણ અકબંધ છે આવી જ એક સ્ટીરિયોટાઈપ માનસિકતાનો શિકાર જાણીતા એક્ટર મનોજ બાજપેયી બન્યા છે. મનોજ બાજપેયી બોલિવૂડના સેલ્ફ મેડ અભિનેતામાંથી એક છે. પોતાની કાબેલિયત અને મહેનતના દમ પર તેમણે એક શાનદાર અભિનેતા તરીકે પોતાની ઓળખ બનાવી છે. તાજેતરમાં તેમને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં સ્પેશિયલ મેન્શનથી સન્માનિત કરાયા હતા. મનોજે પોતાની ફિલ્મ જર્ની વિશે ખુલીને વાત કરતાં જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં તેઓ પણ સ્ટીરિયોટાઈપિંગનો શિકાર હતા.તેમને માત્ર મધ્યમ વર્ગ અથવા ગરીબ વ્યક્તિનો રોલ ઓફર કરવામાં આવતો હતો.મનોજ બાજપેયીએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મને મધ્યમ વર્ગ અથવા ગરીબના રોલ માટે જ કાસ્ટ કરવામાં આવે છે. ક્યારેય કોઈએ અમીર વ્યક્તિ તરીકે દર્શાવ્યો ન હતો. એક માત્ર ગુલમહોર એવી ફિલ્મ છે કે, જેમાં મેં ધનિક વ્યક્તિની ભૂમિકા ભજવી હતી. વીરઝારામાં મેં પાકિસ્તાનના રાજકારણીનો રોલ કર્યો હતો, તેમાં મારા બે સીન હતા. જેમાં હું ધનિક દેખાયો છું.



### ઈન્ટરવ્યુમાં જણાવ્યું કેમ નથી કરી રહ્યો વાત?

# શું પાસવાન કંગનાને ઈગ્નોર કરે છે?

### કંગનાએ એમ પણ કહ્યું હતું કે હવે ચિરાગ પાસવાન તેને જોતાં જ પોતાનો રસ્તો બદલી નાખે છે

રાજનીતિમાં પ્રવેશ્યા બાદ ગયા મહિને સંસદની બહાર કંગના રનૌત અને ચિરાગ પાસવાનની મુલાકાતની તસવીરો સામે આવી હતી. તે તસવીરોએ સોશિયલ મીડિયા પર ઘણી હેડલાઈન્સ બનાવી હતી, જે પછી કંગનાએ ચિરાગ સાથેના તેના બોન્ડિંગ વિશે નિવેદન આપ્યું હતું.ચિરાગ પાસવાન સાથેની તેની તસવીરો અંગે કંગનાએ કહ્યું હતું કે, હું ચિરાગને લાંબા સમયથી ઓળખું છું, તે મારો સારો મિત્ર છે, બીચારાએ એક-બે વાર શું હસાવી, તમે લોકો તો અમારી પાછળ જ પડી ગયા.કંગનાએ એમ પણ કહ્યું હતું કે હવે ચિરાગ પાસવાન તેને જોતાં જ પોતાનો રસ્તો બદલી નાખે છે. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતી વખતે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને સ્પષ્ટ કર્યું કે કંગનાને જોઈને તેઓ પોતાનો રસ્તો બદલતા નથી. ચિરાગ પાસવાને હસતા હસતા કહ્યું કે, કંગનાએ વાત વાતમાં એમ જ આ નિવેદન આપ્યું છે.ચિરાગ પાસવાને કહ્યું, જો કોઈ જૂનો મિત્ર તમારી સાથે ગૃહમાં જોડાય છે, તો તે મારા માટે ખુશીની વાત છે. તે પણ સાંસદ છે અને હું પણ સાંસદ છું. અમે બંને એક જ ગઠબંધનમાં છીએ. અમારી જૂની ઓળખ છે.ખેડૂતો પર કંગના રનૌતના નિવેદન અંગે ચિરાગ પાસવાને કહ્યું, કંગના રનૌતને ઓળખનાર દરેક વ્યક્તિ જાણે છે કે કંગનાને સલાહની જરૂર નથી. તેના શબ્દો એવા છે કે જેનાથી તમે ચર્ચા કરી શકો. મને ખુશી છે કે તે તેના વિચારોને આગળ રાખે છે.કંગના અને ચિરાગ ૨૦૧૧માં મિલે ના મિલે હમમાં સાથે જોવા મળ્યા હતા. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં જીત નોંધાવ્યા પછી, બંને ઘણા પ્રસંગોએ સાથે જોવા મળ્યા હતા.



### USAથી લાવ્યો કિટ, શરીર સ્વચ્છ રાખવા આપી સામગ્રી

# ૧૬ વર્ષના NRI કિશોરની સેવા ભાવના, ૪૩૦ બાળકોને વહેંચી કિટ

। અમદાવાદ, તા.૨૮ ।

વાલમ ગામના પાટીદાર પરિવારના ૧૬ વર્ષના પુત્રને એક લગન લાગી. જન્મ અમેરિકાના એરિઝોના સ્ટેટમાં થયો. પરંતુ, ગુજરાતમાં રહેતાં જરૂરિયાતમંદ બાળકોને શારીરિક સ્વચ્છતા માટે બીડું ઝડપ્યું. હમણાં તે અમેરિકાની બનાવટની સેંકડો કિટ લઈ વતન આવ્યો. ટૂથ પેસ્ટ, ફેસવોશ, બોડી લોશન, શેમ્પુ, બ્રશ-ઉલિયાં અને કાંસકા સહિતની કિટ આ એનઆરઆઈ કિશોર આર્યન મિહિરભાઈ પટેલે ૪૨૫ જેટલાં બાળકોને સ્વહસ્તે વિતરણ કર્યું ત્યારે તેનો ચહેરો એક અનન્ય સ્મિતથી ખીલી ઉઠયો હતો. વાલમ ખાતેની પરા પ્રાથમિક શાળા અને નિરાધાર બાળકોની સઘળી જરૂરિયાત ઉઠાવતી આશ્રમ શાળાનાં છાત્રોને તેણે બુધવારે આ કિટોનું સ્વહસ્તે વિતરણ કર્યું હતું.

આર્યન પટેલનો પરિવાર દાયકાઓથી અમેરિકામાં સ્થાયી થયો છે. માત્ર ૧૬ વર્ષની વયે જ તેણે સુરિના પટેલ નામની છાત્રા સાથે એનજીઓની રચના કરી છે. આર્યન એરિઝોના સ્ટેટની હેમિલ્ટન સ્કૂલમાં ધો.૧૧માં અભ્યાસ



કરે છે. બાળકોના સ્વાસ્થ્યની પરવા કરી તે સંખ્યાબંધ બેગોમાં કિટો લઈ વતન આવ્યો છે. ભાન્ડુ ખાતેની એલસીઆઈટી શૈક્ષણિક સંસ્થાના સંચાલક રાકેશભાઈ પટેલ સાથે વાલમની પરા પ્રાથમિક શાળામાં પહોંચ્યો હતો અને ૩૦૦ જેટલાં બાળકોને આ કિટની વહેંચણી કરી હતી. ત્યારબાદ, આ સેવાભાવી કિશોર ગામની આશ્રમ શાળામાં પહોંચ્યો હતો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ૧૨૫ જેટલાં નિરાધાર બાળકોને આ કિટનું વિતરણ કર્યું ત્યારે આ ગરીબ બાળકોના ચહેરા પણ આનંદથી ખીલી ઉઠયા હતા.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ-દાનાપુર અને સાબરમતી-સીતામઢી વચ્ચે દિવાળી સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવે દવારા આગામી દિવાળી અને છઠ પૂજાને ધ્યાનમાંલઈને મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ-દાનાપુર-અમદાવાદ અને સાબરમતી-સીતામઢી-અમદાવાદ વચ્ચે સાપ્તાહિક સ્પેશલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

● ટ્રેન નંબર ૦૯૪૫૭/૦૯૪૫૮ અમદાવાદ-દાનાપુર-અમદાવાદ સ્પેશલ (કુલ ૧૬ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૫૭ અમદાવાદ-દાનાપુર સ્પેશલ ૦૬ ઓક્ટોબર ૨૦૨૪ થી ૨૪ નવેમ્બર ૨૦૨૪ સુધી દર રવિવારે અમદાવાદથી સવારે ૦૮.૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૫.૦૦ કલાકે દાનાપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૮ દાનાપુર-અમદાવાદ સ્પેશલ ૦૭ ઓક્ટોબર ૨૦૨૪ થી ૨૫ નવેમ્બર ૨૦૨૪ સુધી દર સોમવારે દાનાપુરથી ૧૮.૧૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૩.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં, આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બ્યાવર રાજગઢ, રૂઠિયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, સોની, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે આ ટ્રેન માં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ હશે.

● ટ્રેન નંબર ૦૯૪૨૧/૦૯૪૨૨ સાબરમતી-સીતામઢી-સાબરમતી સ્પેશલ (કુલ ૧૮ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૨૧ સાબરમતી-સીતામઢી સ્પેશલ ૦૫ ઓક્ટોબર ૨૦૨૪ થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી દર શનિવારે સાબરમતીથી ૧૯.૪૫ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૮.૩૦ કલાકે સીતામઢી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૨ સીતામઢી-સાબરમતી સ્પેશલ ૦૭ ઓક્ટોબર ૨૦૨૪ થી ૦૨ ડિસેમ્બર ૨૦૨૪ સુધી દર સોમવારે સીતામઢીથી ૧૬.૦૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૬.૦૦ કલાકે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં, આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જં., બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, ઉન્નાવ, લખનૌ બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, સિસવા બજાર, નરકટિયાગંજ અને રક્સૌલ સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૫૭ અને ૦૯૪૨૧ માટે બુકિંગ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને IRCTC વેબસાઈટ પર શરુ થશે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકેછે.

# ભાવનગરમાં એક બસ નાળામાં ફસતાં ૨૫થી વધુ મુસાફરોને બચા વામાં આવ્યા

। ભાવનગર, તા.૨૮ ।

ભાવનગરમાં રાત્રે મુસાફરોથી ભરેલ એક બસ નાળામાં ખાબકી. બસના મુસાફરોએ બચવા માટે બારીના કાચ તોડી બહાર નીકળ્યા. ભાવનગરમાં રાત્રે મુસાફરોથી ભરેલ એક બસ નાળામાં ખાબકી. બસના મુસાફરોએ બચવા માટે બારીના કાચ તોડી બહાર નીકળ્યા. રાત્રે અંદાજે ૯ વાગ્યાની આસપાસ મહાદેવના દર્શન કરી પરત ફરતા શ્રદ્ધાળુઓની બસ ભાવનગરના માર્ગ પરથી પસાર થતી હતી. ત્યારે કોળીચોક ગામના પાદરમાંથી બેઠા પુર પરથી બસ પસાર થતી હતી ત્યારે પૂરના પાણીમાં ફસાઈ ગઈ. ભાવગનગરમાં ભારે વરસાદના કારણે નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ પૂરના પાણી માર્ગો પર પણ ફરી વળ્યા. જેના કારણે પરપ્રાતિંય મુસાફરોથી ભરેલ બસ કોળીચાક ગામના પાદરમાંથી એક પુલ પરથી પસાર થતી હતી ત્યારે પૂરના પ્રવાહમાં બસ તણાઈ અને પુલના એક છેડે ફસાઈને અટકી. આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક વહીવટીતંત્ર દ્વારા મુસાફરોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી અને તમામ મુસાફરોને બચાવવામાં સફળતા મળી છે. તમિલનાડુ પાસિંગની બસ ભાવનગર શહેરથી આશરે ૨૪ કિ.મી.ના અંતરે આવેલા નિષ્કલંક મહાદેવના મંદિરના દર્શન કરવા આવ્યા હતા.

# અલગ અલગ મૂડ માટે કલાકારોની કોફીની અગ્રતાઓ

ઘણા બધા કલાકારો માટે કોફી તેની મજા લેવાથી પણ વિશેષ છે. તે વર્સેટાઈલ સાથીનું કામ કરે છે, જે તેમના બદલાતા મૂડ, વ્યસ્ત સમયપત્રક અને બદલાતા હવામાનને અનુકૂળ બનાવે છે. એન્ડટીવીના કલાકારો તેમનું ગતિશીલ જીવન તેમની અગ્રતાઓને કઈ રીતે પ્રતિબિંબિત કરે છે તે વિશે ચર્ચા કરે છે. આ કલાકારોમાં આશુતોષ કુલકર્ણી (ક્રિશન બિહારી વાજપેયી, અટલ), સ્મિતા સાબળે (ધનિયા, ભીમા), યોગેશ ત્રિપાઠી (દરોગા હપ્પુ સિંહ, હપ્પુ કી ઉલટન પલટન) અને શુભાંગી અત્રે (અંગૂરી ભાભી, ભાભીજી ઘર પર હૈ)નો સમાવેશ થાય છે.

કોફી સાથે સંબંધનું વિવરણ કરતાં સ્મિતા સાબળે કહે છે, ''તે મારી એકધારી સાથી છે, પરકંતુ મારી પસંદગી દિવસ દરમિયાન ભિન્ન હોય છે. વહેલા શૂટ માટે મને ઊર્જા માટે સ્ટ્રોંગ બ્લેક કોફી જરૂર પડે છે. ઠંડા દિવસોમાં હું ગરમી માટે ક્રીમી કેપુસિનો પસંદ કરું છું. ગરમ હવામાનમાં આઈસ્ડ લેટ્ટે મને ઠંડી અને ઊર્જાવાન રાખે છે. મારો મૂડ



મારી પસંદગીઓ પર પણ પ્રભાવ પાડે છે. મને હવાફેર કરવો હોય ત્યારે સ્મૂધ ફ્લેવર્ડ કોફી આધર્શ લાગે છે. આ પીણું મારા દિવસને અનુકૂળ બનાવે છે, મારા કપરા સીન્સમાં મને મદદ કરે અથવા ટેક્સ વચ્ચે શાંતિ આપે છે તે ખરેખર અતુલનીય છે.''

આશુતોષ કુલકર્ણી ઉમેરે છે, ''કોફી મારી ભાવનાત્મક સાથી છે અને મારું રુટિન પણ છે. મારી અગ્રતા હવામાન અને મારા મૂડ સાથે બદલાય છે. મજબૂત ફ્રેન્ચ રોસ્ટ સુસ્ત સવારે મને સારી લાગે છે, જ્યારે હું બેચેન હોઉં ત્યારે વેનિલા લેટ્ટી મને શાંતિ આપે છે. વ્યસ્ત દિવસોમાં એસ્પ્રેસ્સો મારી એકાગ્રતા વધારે છે. હું સુસ્ત રવિવારોમાં ક્રેમા સાથે કેપુસિનો માણું છું.

# કૈસે મુઝે તુમ મિલ ગયેના એક સ્વપ્નિલ સિકવન્સમાં અર્જિત તનેજા અને શ્રિતી ઝાને ગદરના તારા સિંઘ અને સકીનના તરીકે જૂઓ!

ઝી ટીવીના કૈસે મુઝે તુમ મિલ ગયેંએ તેની સાંકળતી, રસપ્રદ અને નાટ્યાત્મક વાર્તાથી દર્શકોને હંમેશા જકડી રાખ્યા છે. આગામી એપિસોડમાં દર્શકો અમૃતા (શ્રિતા ઝા) અને વિરાટ (અર્જિત તનેજા)ને પ્રસિદ્ધ બોલિવૂડ બ્લોકબસ્ટર ગદરના સકીના અને તારા સિંઘ તરીકે જોવા મળશે. વિરાટ તેની માતા બબિતા (કિશોરી શહાને વિજ)ની હકિકત સામે આવતા તૂટી જાય છે, ત્યારે અમૃતા તેને ફરીથી પ્રોત્સાહિત કરવા અને તેના ચહેરા પર સ્મિત લાવવા માટે તેની ચહિતી ફિલ્મ ગદરનું એક ખાનગી પારિવારિક સ્ક્રીનિંગ યોજે છે. જો



કે, મૂવી શરૂ થયા બાદ વિરાટ એ ત્યાંથી નિકળી જવાનું નક્કી કરે છે, ત્યારે અમૃતા તેને બેસી રહેવા કહે છે અને તેને એક સપનામાં લઈ જાય છે, જ્યાં તેઓ બંને પોતાની કલ્પના તારા સિંઘ અને સકીનના તરીકે કરે છે.

# ડબલ લાઇનના કામને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર મહેસાણા-પાલનપુર સેક્શનમાં ભાંડુ મોટી દાઉ-ઊંઝા- કામલી સ્ટેશનો વચ્ચે ડબલ લાઈનના કામને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:-

૨૯ સપ્ટેમ્બરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધુપર એક્સપ્રેસ સાબરમતી અને આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૮ સપ્ટેમ્બરથી ૦૭ ઓક્ટોબર ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ અને સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ,સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરી ને તમે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકો છો.

# ગરીબ કલ્યાણ મેળામાંથી પાવર ટ્રેલર માટે ૬૦ હજારની સહાય મેળવવી સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતા ચૌધરી દિનેશ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ જોયેલા એક સ્વપ્નને આજે ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગરીબોને વિકાસની મુખ્યધારામાં લાવવાનું એ મિશન સાકાર થઈ રહ્યું છે ત્યારે આજ રોજ વ્યારા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા માંથી પાવર ટ્રેલરની ખરીદી માટે ૬૦ હજારની સહાય મેળવવી પંચોલ ગામના સુરેશભાઈ ચૌધરી રાજ્ય સરકાર અને બાગાયત વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, ખેતીકામ માટે મને પાવર ટ્રેલરની જરુર હતી જેની ખરીદી માટે મને રાજ્ય સરકારે રૂ. ૬૦ હજારની સહાય ચૂકવી છે. પાવર ટ્રેલરના ઉપયોગથી મને ખેતી કરવામાં સરળતા થશે. વધુમાં સુરેશભાઈ જણાવે છે કે, આ સહાયની અરજી પ્રક્રિયા કરવામાં અને



યોજના વિશે જાણકારી આપવામાં નાયબ બાગાયત કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ ખુબ જ સાથ સહકાર આપ્યો છે. જેથી ગરીબ કલ્યાણ મેળામાંથી મને આ યોજનાનો સીધો લાભ મળ્યો છે તે બદલ હું બાગાયત કચેરી તાપી અને ગુજરાત સરકારનો ખુબ ખુબ આભાર માનું છું

# ગુજરાતમાં કૃષિ ટેકનોલોજી પરના પ્રમુખ પ્રદર્શન એગ્રી એશિયા ૨૦૨૪ ની ૧૩મી આવૃતિનું સફળ સમાપન

। ગાંધીનગર, તા.૨૮ ।

કૃષિ ટેકનોલોજી પરનું પ્રમુખ પ્રદર્શન -૧૩મુ એગ્રી એશિયા ૨૦૨૪, ૨૦થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન, હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજવામાં આવ્યું હતું. ''અદ્યતન તકનીકી સાથે કૃષિનો અનુભવ કરો,''(Experience AGRICULTURE with ADVANCED TECHNOLOGY) થીમ અંતર્ગત યોજાયેલ આ પ્રતિષ્ઠિત એક્ઝિબિશનમાં એગ્રીકલ્ચર ટેકનોલોજીની નવીનતાઓને સાથે કૃષિ ઉદ્યોગ વ્યવસાયિકો માટે મૂલ્યવાન નેટવર્કિંગ તકો પ્રદાન કરનાર રહ્યું. કુલ ૧૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ત્રણ વિશાળ હોલમાં યોજાયેલ આધુનિક ટેકનૉલોજિ ને રજૂ કરતાં આ પ્રદર્શનમાં ૨૦૦ થી વધુ અગ્રણી પ્રદર્શકો, તથા ૯૦,૦૦૦ થી વધુ મુલાકાતીઓ એ મુલાકાત લીધી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૫,૦૦૦ થી વધુ નવા ઉત્પાદનો ની રજુઆત થઈ. કૃષિ ઉદ્યોગમાં વિતરકો, ડીલરો અને હિતધારકોને અત્યાધુનિક ટેક્નોલૉજી, અગ્રણીઓ સાથે વાતચીત, નેટવર્કિંગ ની નવી દિશા પૂરી પાડનાર બની રહ્યું.

કૃષિ ક્ષેત્રમાં વધારાની આંતરદષ્ટિ અને તકો પ્રદાન કરવાના હતુસર એગ્રી એશિયા ૨૦૨૪ માં ડેરી લાઈવસ્ટોક એન્ડ પોલ્ટ્રી એક્સ્પો (DLPE)



એક સાથે યોજવામાં આવ્યો હતો. ખેડૂતો અને પશુપાલકો માટે આ મેળામાં નવી ટેકનોલોજી, ઉન્નત પદ્ધતિઓ અને કૃષિ ઉત્પાદકો અને પશું પાલન માટે ઉપયોગી માહિતીના વિવિધ સ્ટોલ્સ મૂકવામાં આવ્યા હતા સાથે સાથે આ વર્ષે પશુ સ્પર્ધા નું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ગાયોમાં કાંકરેજ, ગીર અને ડાંગી તેમજ ભેંસોમાં બન્ની, મહેસાણી અને જાફરાબાદી વચ્ચે સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં સ્પર્ધા માં ભવાની બ્રીડિંગ ફાર્મ ની કાંકરેજ ગૌ માતા પ્રથમ નંબર પર આવી હતી. વિજેતાઓ ને પ્રોત્સાહન રૂપ પ્રથમ ઈનામ ૭૧,૦૦૦ દ્વિતીય ૫૫,૦૦૦ તૃતીય ૩૧,૦૦૦ ના ઈનામો આપવામાં આવ્યા હતા.

ડ્રોન ટેક્નોલોજીના લાઈવ પ્રદર્શનો અને પશુ પ્રદર્શનની સાથે કૃષિ અને ડેરી ખેડૂતો માટે વિશિષ્ટ સેમિનારનું પણ આયોજન કરવામાં આવેલ.

# પૂર્ણતઃ આશ્રિતની આગળ ગુરુનું એક કવચ બની જાય છે

। માર્વેલસ, તા.૨૮ ।

માર્વેલસ માર્વેલા-સ્પેનની ભૂમિ પર ગવાઈ રહેલી રામકથાનો આજે છઠ્ઠો દિવસ, શ્રધ્ધાયુક્ત શ્રાધ્ધનાં દિવસોમાં પાંચ વિશેષ સ્મૃતિઓઃ માતા, પિતા, આચાર્ય-ગુરુ, અતિથિ અને ઈષ્ટનું સ્મરણ ચાલી રહ્યું છે જેમાં ગત દિવસોમાં માતૃ અને પિતૃ સ્મૃતિ વિશે સંવાદ થયો. દેવી ભાગવતમાં પ્રકૃતિ પંચધા સ્મૃતા છે એ શ્લોક બાપુએ સમજાવીને કહ્યું કે કોઈ વ્યક્તિ પોતાના બુદ્ધપુરુષના ચરણમાં સમર્પિત થઈ ગયા પછી એના ઉપર મંત્ર-તંત્ર,જાદૂ-ટોના વશીકરણની અસર થાય કે નહીં? આશ્રિત કોઈના પ્રભાવમાં આવી શકે કારણ કે આ બધી જ વિદ્યાનો પ્રભાવ તો છે જ.પણ જે પૂર્ણતઃઆશ્રિત છે એને કંઈ ન કરી શકે.આપણી અવસ્થા ઉપર અને આપણું માનસિક સંતુલન બગાડી જરૂર શકે,ડામાડોળ પણ આ પ્રકારના વશીકરણ કરી શકતા હોય છે.

ઈન્દ્ર આદિ દેવતાઓએ મેલી વિદ્યાનો પ્રયોગ અયોધ્યાવાસીઓ ઉપર કર્યો અને સરસ્વતીને જ્યારે કહ્યું કે ભરતની મતિ પણ ફેરવી દે ત્યારે સરસ્વતી ઈન્દ્રને ખૂબ ખીજાયા અને કહ્યું કે આપ હજાર આંખવાળા હોવા છતાં મેરુ દેખાતો નથી! રામાયણના પાત્રોની માળામાં ભરત મેરુ છે. સરસ્વતિ બધાની બુદ્ધિ ભમાવી દે છે રામચરિત માનસમાં એક વખત સરસ્વતિની બુદ્ધિ પણ ભમી જાય છે. આપની સ્થિતિ હરિનામને કારણે ઉપર ઉઠી જાય અને જનકપણું આવી જાય તો દેવમાયા



સ્પર્શ કરી શકતી નથી.પૂર્ણતઃ આશ્રિતની આગળ ગુરુનું એક કવચ બની જાય છે.સદગુરુ આપણું અભેદ કવચ છે સાધુનો કોઈ ધર્મ હોતો નથી,સાધુ સ્વયં ધર્મ છે. પરિચય માટે કદાચ આપણે કહીએ કે આ બૌધ સાધુ છે,આ જૈનસાધુ છે,આ સનાતન સાધુ છે. કથાના ક્રમમાં વિશ્વામિત્ર સાથે નીકળ્યા પછી રામ તાડકાને ગતિ આપે છે.મારિચને દૂર ફેંકે છે.સુબાહુને ભસ્મ કરે છે.યજ્ઞ પૂરો કરીને અહલ્યાની પ્રતિક્ષાનાં યજ્ઞમાં જાય છે,એ પછી ધનુષ્યયજ્ઞ અને પરશુરામ સામેની કસોટી પાર કરે છે. આ રીતે સીતા રૂપી શક્તિ, શાંતિ, ભક્તિને પામવા માટે પાંચ પ્રકારની કસોટીમાંથી રામ પસાર થાય છે.ધનુષ્યભંગ પછી વિવાહ પ્રસંગમાં ચારે ભાઈઓના વિવાહ થાય છે જનકપુરમાં અનેક દિવસો સુધી જાન રોકાય છે અને કન્યાવિદાય પછી વિશ્વામિત્ર પણ અયોધ્યામાંથી વિદાય લે છે અને બાલકાંડનું સમાપન થાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. તમારા દિલ પર રોમાન્સનું રાજ હશે. આજે તમારે તમારા કામો ને સમયસર નિકાલ કરવા નો પ્રયાસ કરવો જોઈએ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. સ્વતહ રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. કેટલાક લોકો માટે-પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. સ્વતહ રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. તમે તમારા સમય ને તમારા હૃદય ની નજીક ના લોકો સાથે વિતાવવા નું અનુભવો છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. તેમનું વેવિશાળ થયું છે.

## હિંદુ સગીરાના જબરજસ્તીથી મોટી વયના મુસ્લિમ સાથે લગ્ન કરાયા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં એક સગીર હિંદુ છોકરીનું અપહરણ કરીને તેના લગ્ન મોટી ઉંમરના વ્યક્તિ સાથે કરાવવાનો અને પછી બળજબરીથી તેને ઈસ્લામ કબૂલ કરવાનો મામલો સામે આવ્યો છે. જેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. મળેલા રિપોર્ટ્સમાં આ વીડિયો ઈસ્લામિક દેશ પાકિસ્તાનનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે અને આ વીડિયોમાં જોઈ શકાય છે, કે એક સગીર છોકરીના નિકાહ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. ઈસ્લામિક દેશોમાં આવી અનેક ઘટનાઓ બનતી રહે છે, આ કોઈ નવી ઘટના નથી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે હૈદરાબાદથી અપહરણ કરાયેલી આ સગીર હિન્દુ છોકરીને બુધવારે કોર્ટના આદેશ પર એક વર્ષની લાંબી અગ્નિપરીક્ષા પછી તેના પરિવારને પરત કરવામાં આવી હતી.

## ચાર પુત્રીને મોતને ઘાટ ઉતારીને પિતાએ આપઘાત કર્યો

। નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જ્યાં એક પિતાએ જ પહેલા પોતાની ૪ દીકરીઓને ઝેર આપીને મોતને ઘાટ ઉતારી અને બાદમાં પોતે પણ આપઘાત કરી લીધો હતો. બનાવ દક્ષિણી દિલ્હીના રંગપુરી ગામનો છે. પોલીસ સ્થળ પર પહોંચી અને તેમણે ફ્લેટનું તાળું તોડીને ૫ મૃતદેહો બહાર કાઢ્યા હતા. ઘટનાને લઈને દિલ્હીમાં હાહાકાર મચી ઉઠ્યો છે. ચારેય દીકરીઓ દિવ્યાંગ હોવાનું સામે આવ્યું છે. જેમાં ચાલવા ફરવામાં અસમર્થ હતી અને પત્નીના મોત બાદ પિતા હીરાલાલ પોતાની દીકરીઓની હાલત જોઈને પૂરી રીતે તૂટી ગયો હતો. તેણે પોતાની દીકરીઓને સ્લોફાસ ખવડાવ્યું અને પછી પોતે પણ આપઘાત કરી લીધો. પોલીસના જણાવ્યા અનુસાર ૫૦ વર્ષીય પિતા હીરાલાલ તેમના પરિવાર સાથે રંગપુરી ગામમાં ભાડાના મકાનમાં રહેતો હતો. મૂળ તે બિહારના છપરા જિલ્લામાં આવેલ મસરખ ગામનો રહેવાસી હતો. થોડાક સમય પહેલા હીરાલાલની પત્નીનું મોત નિપજ્યું હતું. પરિવારમાં ચાર દીકરીઓ હતી જેમાં મોટી દીકરી નીતુ (ઉંમર ૧૮ વર્ષ), ૧૫ વર્ષીય નિશી, ૧૦ વર્ષીય નીરુ અને ૮ વર્ષીય નિધી હતી.

### ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ આ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યા

## સાત ગેરન્ટી બાદ કોંગ્રેસે હરિયાણા માટે જાહેર કર્યો ચૂંટણી ઢંઢેરો

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૮ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે ૭ ગેરેન્ટી બાદ હવે કોંગ્રેસે આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો **(Manifesto)** 'હાથ બદલેગા હાલાત' જાહેર કર્યો છે. ચંદીગઢમાં એક પ્રેસ કોન્ફરન્સ કરીને પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ આ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમની સાથે કોંગ્રેસની મેનિફેસ્ટો કમિટીના અધ્યક્ષ પૂર્વ શિક્ષણ મંત્રી ગીતા ભુક્કલ, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, છત્તીસગઢના પૂર્વ ડેપ્યુટી સીએમ ટીએસ સિંહદેવ અને હરિયાણા કોંગ્રેસના અધ્યક્ષ ચૌધરી ઉદયભાન પણ હાજર રહ્યા છે. ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસે **SYL** કેનાલ વિવાદ ઉકેલવાનો વાયદો કર્યો છે. ખેડૂત આંદોલનમાં માર્યા ગયેલા ૭૦૦થી વધુ શહીદ ખેડૂતોના પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાનો વાયદો કર્યો છે. હિમાચલની તર્જ પર હરિયાણામાં જૂની પેન્શન યોજના લાગુ કરવાનો વાયદો પણ હરિયાણા કોંગ્રેસે કર્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા કોંગ્રેસે હરિયાણા માટે એક સંકલ્પ પત્ર જારી કર્યો હતો. જેમાં રાજ્યના લોકોને ૭ ગેરેન્ટી આપવામાં આવી હતી. લગભગ એક અઠવાડિયા પહેલા રોહતકમાં પ્રેસ કોન્ફરન્સ કરીને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ, અજય માકન, ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, ટીએસ સિંહદેવ, ચૌધરી ઉદયભાન અને ગીતા ભુક્કલે આ ગેરેન્ટી લોન્ચ કરી હતી. કોંગ્રેસે પોતાના સંકલ્પ પત્રને '૭ વાદે પક્કે ઈરાદે' નામ આપ્યું હતું, જેમાં સમાજના દરેક વર્ગ પર ફોકસ કરી ગેરેન્ટી આપવામાં આવી હતી.

**કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો**

- રાજસ્થાન સરકારની તર્જ પર ૨૫ લાખ રૂપિયા સુધીની સારવાર ફ્રી
- સસ્તું શિક્ષણ
- મહિલાઓની સમસ્યા માટે સિંગલ વિન્ડો સિસ્ટમ
- વિદ્યાર્થીનીઓ માટે ફ્રી પિંક મિની બસ અને પિંક ઈ રિક્ષાની સુવિધા
- ખેડૂતો માટે કિસાન આયોગની રચના
- **MSP**ની કાનૂની ગેરેન્ટી
- ખેડૂત આંદોલનમાં જીવ ગુમાવનાર ખેડૂતોને શહીદનો દરજ્જો મળશે, સિંધુ બોર્ડર પર સ્મારક બનાવવામાં આવશે
- એસવાયએલ પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને લાગુ કરીશુ
- બે લાખ સરકારી નોકરી
- હરિયાણા કૌશલ રોજગાર નિયમ બંધ કરીશું
- પેપર લીક કેસ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના
- આખા વર્ષનું ભરતી કેલેન્ડર જારી કરવામાં આવશે
- હરિયાણા વિદેશી રોજગાર બોર્ડની રચના
- ઓબીસી માટે ક્રિમી લેયર ૧૦ લાખ કરીશું
- ૧૮થી ૬૦ વર્ષ સુધી મહિલાઓને દર મહિને ૨ હજાર રૂપિયાની આર્થિક સહાય
- વંચિતોને ૧૦૦-૧૦૦ યાર્ડનો મફત પ્લોટ
- હરિયાણામાં જૂની પેન્શન યોજના લાગુ

### હવે આખા રાજ્યમાં હિન્દુઓ આવ્યા સડક પર

# ગેરકાયદે મસ્જિદો વિરુદ્ધ નારાજગી ચરમસીમાએ

### હિંદુ સંગઠનો શિમલામાં તેમજ હિમાચલના ૧૨ જિલ્લામાં મસ્જિદમાં થયેલા ગેરકાયદે બાંધકામને લઈને વિરોધ




। (એજન્સી) શિમલા, તા.૨૮ ।

મસ્જિદોના ગેરકાયદે બાંધકામો સામે હવે આખા હિમાચલ પ્રદેશમાં હિન્દુઓ દ્વારા ઠેરઠેર દેખાવો થઈ રહ્યા છે. થોડા સમય પહેલાં શિમલામાં શરૂ થયેલાં વિરોધ પ્રદર્શનો હવે આખા રાજ્યમાં ફેલાઈ રહ્યાં છે. હિંદુ સંગઠનો શિમલામાં તેમજ હિમાચલ પ્રદેશના ૧૨ જિલ્લામાં મસ્જિદમાં થયેલા ગેરકાયદે બાંધકામને લઈને વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. આ પ્રદર્શનોમાં મોટેભાગે સામાન્ય નાગરિકો દ્વારા ગેરકાયદે બાંધકામો સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. અહેવાલો મુજબ, શિમલામાં મસ્જિદની અંદર ગેરકાયદેસર બાંધકામનો મુદ્દો ફરી એકવાર જોર પકડી રહ્યો છે. મસ્જિદમાં ગેરકાયદેસર બાંધકામનો મુદ્દો શિમલાથી શરૂ થઈને હવે હિમાચલ પ્રદેશમાં ફેલાઈ રહ્યો હોય તેવું લાગે છે. શિમલા સહિત રાજ્યના માત્ર ૧૨ જિલ્લામાં જ મસ્જિદોના ગેરકાયદે બાંધકામ સામે વિરોધ પ્રદર્શનો થયાં છે. હિમાચલ દેવભૂમિ સંઘર્ષ સમિતિનો આરોપ છે કે આ સમગ્ર મામલે રાજ્ય સરકારનું વલણ યોગ્ય નથી. હિમાચલ દેવભૂમિ સંઘર્ષના સંયોજક ભારત ભૂષણે પત્રકારોને જણાવ્યું હતું કે આ સમગ્ર મુદ્દે સરકારનું વલણ ઘણું નરમ છે. રાજ્ય સરકાર આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહી નથી. આ મસ્જિદોમાં લાંબા સમયથી કોઈ પ્રતિબંધ વિના ગેરકાયદે બાંધકામ ચાલી રહ્યું છે. જ્યારે અમે આની સામે અવાજ ઉઠાવીએ છીએ ત્યારે પોલીસ અમારા કાર્યકરો વિરુદ્ધ કેસ નોંધે છે, જે બિલકુલ યોગ્ય નથી. નોંધપાત્ર છે કે, થોડા દિવસો પહેલાં પણ શિમલામાં મસ્જિદના ગેરકાયદે બાંધકામ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ પોલીસ બેરીકેટ્સ પાસે પહોંચી ગયા હતા. આ દરમિયાન તેણે બેરિકેડ તોડી અંદર જવાનો પ્રયાસ પણ કર્યો હતો. શરૂઆતમાં પોલીસે ભીડને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ભીડને કાબૂમાં રાખવી મુશ્કેલ બની જતાં પોલીસે કેટલાક દેખાવકારો પર લાઠીચાર્જ કરી દીધો હતો. આ દરમિયાન પોલીસે હિન્દુ સંગઠનના કેટલાક કાર્યકરોની અટકાયત પણ કરી હતી. સ્થાનિક લોકો અને હિન્દુ સંગઠનોનું કહેવું છે કે આ મસ્જિદનો વિવાદ સીધો તેના ગેરકાયદે બાંધકામ સાથે જોડાયેલો છે. તેઓ કહે છે કે, નિયમોની અવગણના કરીને આ મસ્જિદની અંદર ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે. હકીકતે શિમલા મ્યુનિસિપલ કોર્પોરેશન અનુસાર, આ વિસ્તારમાં માત્ર ત્રણ માળથી નીચે બાંધકામની મંજૂરી છે. અત્યાર સુધી આ મસ્જિદમાં પાંચ માળ સુધીનું બાંધકામ કરવામાં આવ્યું છે. લોકો આ બાબતનો ખૂબ વિરોધ કરી રહ્યા છે. શિમલામાં એક મસ્જિદના ગેરકાયદેસર બાંધકામને હિન્દુઓની નારાજગી હજુ શાંત થઈ નથી ત્યારે હિમાચલના મંડીમાં થોડા દિવસો પહેલા આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. મંડીની મસ્જિદનો મામલો હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર પાસે છે, મંડી શહેરના જેલ રોડમાં મસ્જિદના ગેરકાયદે બાંધકામ અંગે કમિશનર મોટો નિર્ણય આપી શકે છે. મંડીની આ મસ્જિદમાં થયેલા ગેરકાયદે બાંધકામની તપાસ માટે છ સભ્યોની કમિટી બનાવવામાં આવી હતી, જેણે પોતાનો રિપોર્ટ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને સુપરત કર્યો છે.

### દુર્ઘટનામાં ચાર લોકોનો જીવ ગયો

## જગન્નાથપુરી જઈ રહેલા શ્રદ્ધાળુઓની બસ ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી

### રાત્રે લગભગ ૧ વાગે નેશનલ હાઈવે ૬૦ પર સંતુલન ગુમાવી દેતા બસ પલટીમાં ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ

। (એજન્સી) બાલાસોર, તા.૨૮ ।




ઓડિશાના બાલાસોર જિલ્લામાં ઉત્તર પ્રદેશના ૫૭ શ્રદ્ધાળુઓ જગન્નાથ મહાપ્રભુના દર્શન માટે પુરી જઈ રહ્યા હતા. જેમાં બસ નેશનલ હાઈવે ૬૦ પર બેલેન્સ ગુમાવી ૨૦ ફૂટ નીચે પડી હતી. આ દુર્ઘટનામાં ૧૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે તો ચાર લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં મૃતકોની ઓળખ થઈ ગઈ છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ૧૮ માર્ચે ઉત્તર પ્રદેશના ૫૭ શ્રદ્ધાળુઓ જગન્નાથ મહાપ્રભુના દર્શન કરવા માટે 'કૃષ્ણ' નામની બસમાં પુરી જવા નીકળ્યા હતા. જેમાં બસ રાત્રે કોલકાતાથી પુરી જવા રવાના થઈ હતી. આ બસ રાત્રે લગભગ ૧ વાગે નેશનલ હાઈવે ૬૦ પર સંતુલન ગુમાવી દેતા નેશનલ હાઈવેથી ૨૦ ફૂટ નીચે પલટી ગઈ. અકસ્માતની માહિતી મળતાં જ નેશનલ હાઈવે પેટ્રોલિંગ વાન, જળેશ્વર પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. ૨૩ ઘાયલ લોકોને તાત્કાલિક બસમાંથી બહાર કાઢીને પહેલા અકસ્માત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૧૬ની તબિયત બગડતાં તેમને બાલાસોર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જેમાં ત્રણ પુરુષ અને એક મહિલા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે બાલાસોર મોકલવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ રાજેશ કુમાર મિશ્રા, કમલા દેવી યાદવ, રાજ પ્રસાદ યાદવ અને શાંતારામ યાદવ તરીકે થઈ છે.

## ચીફ નસરલ્લાહ સહિત અનેક મોટા માથાનો ખાતમો

। બૈરુત, તા.૨૮ ।

બૈરુત હુમલામાં હિજબુલ્લાહના નેતા અને લેબનોનમાં સૌથી શક્તિશાળી ગણાતો હસન નસરલ્લાહ માર્યો ગયો છે. ઈઝરાયેલી ફોર્સિસ (IDF) એ ગત રાતે થયેલા હુમલાઓમાં તેના માર્યા ગયા હોવાની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલી સેનાએ તેલ અવીવથી પ્રેસ કોન્ફરન્સ કરતા હુમલાની વિગતો દુનિયા સાથે શેર કરી છે. ઈઝરાયેલી સેનાએ શનિવારે દાવો કર્યો કે તેણે બૈરુતમાં શુક્રવારે કરેલા એક હુમલામાં હિજબુલ્લાહના નેતા હસન નસરલ્લાહને માર્યો છે. સેનાએ કહ્યું કે જ્યારે હિજબુલ્લાહનું નેતૃત્વ બૈરુતના દક્ષિણમાં દહિલા સ્થિત પોતાના હેડક્વાર્ટરમાં બેસીને કરતો હતો ત્યારે એક સટીક હુમલો કરાયો.

## લગ્નના બહાને રેપ પરિણીત મહિલા આવો દાવો ન કરી શકે

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં કહ્યું કે પરિણીત મહિલા દાવો કરી શકે નહીં કે લગ્નના બહાને તેની સાથે બળાત્કાર થયો હતો. કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ પીતાલેએ કહ્યું કે જ્યારે કોઈ મહિલા પરિણીત હોય ત્યારે તે દાવો ન કરી શકે કે લગ્નનું વચન આપીને કોઈ અન્ય વ્યક્તિએ તેની સાથે બળાત્કાર કર્યો. હાઈકોર્ટે કહ્યું કે પરિણીત મહિલા લગ્નના બહાને બીજા પુરુષ પર બળાત્કારનો આરોપ લગાવી શકે નહીં. જસ્ટિસ મનીષ પીતાલેની સિંગલ જજની બેન્ચે બળાત્કારના કેસમાં ધરપકડ કરાયેલા પુણેના યુવકને જામીન આપતાં આ વાત કહી. કોર્ટે કહ્યું કે, સૌ પ્રથમ, જ્યારે મહિલા પહેલેથી જ પરિણીત છે, ત્યારે તે દાવો ન કરી શકે કે લગ્નના વચન પર કોઈ અન્ય વ્યક્તિએ તેની સાથે બળાત્કાર કર્યો છે.

## કર્ણાટકના ઉલ્લાલ તાલુકાના પાંચ લોકો વિરુદ્ધ નોંધાયેલ FIR રદ

। (એજન્સી) કર્ણાટક, તા.૨૮ ।



કર્ણાટક હાઈકોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું કે, ભારત માતાની જયના નારા લગાવવા એ હેટ સ્પીચ નથી. આ ઉપરાંત હાઈકોર્ટે આઈપીસીની કલમ **153A** હેઠળ પાંચ લોકો સામે નોંધાયેલી **FIR** ને પણ ફગાવી દીધી હતી. બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, હાઈકોર્ટે કહ્યું કે, 'ભારત માતાની જયના નારા લગાવવા એ હેટ સ્પીચ નથી. આને કોઈપણ રીતે ધર્મો વચ્ચે વૈમનસ્ય અથવા દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા તરીકે અર્થઘટન કરી શકાય નહીં.' **FIR** ને રદ કરતાં કર્ણાટક હાઈકોર્ટે કહ્યું કે, 'અગાઉના ચુકાદાઓને ધ્યાનમાં રાખીને, આ કેસની તપાસને મંજૂરી આપવી એ પ્રથમ દૃષ્ટિએ ભારત માતાની જયના નારા લગાવવાની તપાસને મંજૂરી આપશે, જે કોઈપણ રીતે ધર્મો વચ્ચે વૈમનસ્ય અથવા દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા તરીકે અર્થઘટન કરી શકાય નહીં.' પોલીસે જૂન ૨૦૨૪માં કર્ણાટકના ઉલ્લાલ તાલુકાના પાંચ લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. અરજદારોએ આરોપ છે કે, નવમી જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. ત્યારે લોકોના એક જૂથે તેમના પર હુમલો કર્યો હતો. જ્યારે તેઓ ભારત માતાની જયના નારા લગાવી રહ્યા હતા ત્યારે તેમને માર મારવામાં આવ્યો હતો અને છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. અરજદારોએ પોલીસનો સંપર્ક કર્યો અને ફરિયાદ નોંધાવી, પરંતુ બીજા જ દિવસે તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ **153A** સહિતની વિવિધ જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી, જે ધર્મ, જાતિ અને સ્થાનના આધારે વિવિધ જૂથો વચ્ચે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. જન્મથી દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા માટે સજાની જોગવાઈ કરે છે. એફઆઈઆર એક મુસ્લિમ વ્યક્તિની ફરિયાદ બાદ દાખલ કરવામાં આવી હતી.

# સીએમઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ માટે આઈઆઈએમ અમદાવાદ ખાતે યોજાઈ ચિંતન શિબિર







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદમાં યોજાયેલી એક દિવસીય ચિંતન શિબિર નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આપણે સૌએ ચિંતન કરવાની આદત પાડવા જેવી છે. જે કંઈ કામ કરીએ તે અંગે સમયાંતરે ચિંતન થવું જરૂરી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કર્મયોગી' તથા 'ચિંતન શિબિર'ની સંકલ્પના આપી, એનું હાર્દ જ એ છે કે આપણે જે કંઈ કરીએ છીએ, તેના વિશે ચિંતન કરીએ.

ચિંતન કરવાથી કોઈ પણ કામ વધુ સારી રીતે કરતા થવાની આદત પડે છે. ચિંતન નથી થતું ત્યારે જ સમસ્યાઓ ઊભી થતી હોય છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આપણે આપણાં કાર્ય અને આપણી કામ કરવાની પદ્ધતિ અંગે ચિંતન કરવાનું છે. કોઈ અન્ય વ્યક્તિની સાથે સરખામણી કર્યા વિના પોતાની ભૂમિકાને સારી રીતે ભજવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે શીખવાની, ભણવાની કે જ્ઞાન પ્રાપ્ત કરવાની કોઈ ઉંમર હોતી નથી.

આવી ચિંતન શિબિર નો હાર્દ પણ એજ છે એમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સેવા અને ભાવનો હકારાત્મક સમન્વય જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં કામ કરનારા લોકોની વર્તણૂકની નોંધ સમગ્ર રાજ્યમાં લેવાતી હોય છે, એટલે આપણી વિશેષ જવાબદારી બને છે. તમારી વર્તણૂક સીએમ ઓફિસનું પ્રતિબિંબ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બદલાતા સમયમાં લોકોની અપેક્ષાઓ વધી રહી છે. આને ધ્યાનમાં રાખીને આપણે સૌએ વધુ સજ્જતા કેળવવી પડશે. આપણને સૌને જનસેવા કરવાની તક મળી છે, ત્યારે એક સારા ટ્રસ્ટી તરીકે સેવા ભાવથી આપણી ભૂમિકા ભજવવાની છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ચિંતન શિબિરમાં સ્વાગત પ્રવચન કરતાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે જણાવ્યું હતું કે ચિંતન શિબિરમાં લર્નિંગ અને શેરિંગ ઉપરાંત ટીમબોન્ડિંગ વધે છે. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયની નિર્ણાયક ભૂમિકા હોય છે ત્યારે સૌ અધિકારીઓ અને કર્મચારીઓમાં પ્રો-એક્ટિવ અને પ્રો-પીપલ એપ્રોચ કેળવવાનું કામ પણ આવી શિબિર થકી થઈ શકે છે.

સચિવશ્રીએ ગત ચિંતન શિબિરનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ચિંતન શિબિર પછી સૌની ઊર્જામાં ઉમેરો થયો હતો અને સજ્જતાની સાથે સાથે અભિગમમાં પણ સકારાત્મક પરિણામો જોવાં મળ્યાં હતાં. બદલાતા સમયમાં અનેક અનિશ્ચિતતાઓ, વારંવાર ઊભી થતી સમસ્યાઓ અને વિવિધ પડકારો વચ્ચે સજ્જતા, ટીમ વર્ક અને પ્રો-એક્ટિવ એપ્રોચ થકી જ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયની અપેક્ષાઓને પૂર્ણ કરી શકાય. આ દિશામાં આગળ વધવામાં આ ચિંતન શિબિર ફળદાયી નીવડશે, એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર અને **SOUL** ના વાઈસ ચેરમેન શ્રી હસમુખ અઢીયા દ્વારા ટાઈમ એન્ડ સ્ટ્રેસ મેનેજમેન્ટ પર સેશન લેવામાં આવ્યું હતું.

શ્રી અઢીયાએ સ્ટ્રેસ મેનેજમેન્ટની કેટલીક ટિપ્સ આપતા પારિવારિક સંબંધો, પૂરતી ઊંઘ, ધ્યાન તથા કર્મના સિદ્ધાંતો સમજવા પર ભાર મૂક્યો હતો. તેમણે ''ઈ (પઝેશન્સ, ઓબ્લિગેશન્સ, રિલેશન્સ અને ટ્રાન્ઝેક્શન) થિયરી સમજાવી હતી.

ચિંતન શિબિરની આખરમાં શ્રીઅધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી તથા શ્રી એમ કે દાસે પોતાનાં અનુભવો અને મંતવ્યો રજૂ કર્યાં હતાં.

તેમણે આ એક દિવસીય ચિંતન શિબિર મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓ કર્મયોગીઓને તેમના કામકાજ અને કાર્યદક્ષતા માં ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ ચિંતન શિબિરમાં સીએમઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા.

ચિંતન શિબિરનું સમગ્ર આયોજન આઈ આઈ એમ અમદાવાદ અને સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ **(SOUL)** ના સહયોગ દ્વારા કરવામાં આવ્યું હતું.

આઈઆઈએમ, અમદાવાદના ડિરેક્ટર શ્રી ડૉ. ભરત ભાસ્કર પણ ઉપસ્થિત રહ્યા હતા .ચિંતન શિબિર નું સંચાલન **SOUL**ના સુશ્રી પ્રેરણા દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ચિંતન શિબિરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈમોશનલ ઈન્ટેલિજન્સ, ડિજિટલાઈઝેશન, ટીમ બિલ્ડિંગ, કમ્યૂનિકેશન વગેરે વિષયો પર વિવિધ સેશન્સ યોજાયા હતા.

# ૫૦,૩૨૩ વિદ્યાર્થીઓને પદવી અને ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત





। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

ભારતના ઋષિ-મનીષીઓના જ્ઞાનવારસાને આજે દેશના વિવિધ વિશ્વવિદ્યાલયો આગળ ધપાવી રહ્યા છે. આ વિશ્વવિદ્યાલયો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને મનુષ્ય નિર્માણના કેન્દ્રો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તૃતિય પદવીદાન સમારોહમાં દિક્ષાંત પ્રવચન આપતાં કહ્યું હતું કે, તત્વતઃ જ્ઞાન અથવા શિક્ષણ જ છે જે મનુષ્ય અને પશુ; બન્નેને અલગ પાડે છે. પ્રકૃતિએ બનાવેલા બન્ને સર્જનોમાં મનુષ્યની શ્રેષ્ઠતા જ્ઞાનના કારણે જ છે. વિશ્વવિદ્યાલયો આ જ્ઞાનસાધનાના વાહક છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું કામ યુનિવર્સિટીના માધ્યમ થકી થઈ રહ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સોમનાથ મંદિર પાસે આવેલ શ્રી રામમંદિર ઑડિટોરિયમમાં આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો તૃતિય પદવીદાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક ભવનોમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરનાર ૫૦,૩૨૩ વિદ્યાર્થીઓને ડિગ્રી, ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૧૪૬ વિદ્યાર્થીઓને પીએચ.ડીની પદવી એનાયત કરવામાં આવી હતી. આ સાથે એક ડિ.લીટ. અને એક ડિ.એસસી.ની માનદ પદવી પણ એનાયત કરવામાં આવી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત ઉદબોધનમાં પરાપૂર્વના કર્મબંધનોની વાત કરીતાં કહ્યું હતું કે, પૃથ્વી પર જ્યારે મનુષ્યરૂપે અવતાર લીધો છે ત્યારે પરભવના ઋણ ચૂકવવાનો અવસર મળ્યો છે, તેમ માનીને ધરતી પર પર્યાવરણનું પ્રદૂષણ અટકે અને ધરતી પહેલાં હતી એવી જ બની રહે તેવું દાયિત્વ દરેક મનુષ્યએ નિભાવવું જોઈએ. કોરોનાકાળમાં-એક મહિનાના લૉકડાઉન દરમિયાન વગર પ્રયત્નોએ ગંગા-જમનાના જળ શુધ્ધ થયાં હતાં, જંગલો ફરીથી પશુપક્ષીઓથી ધબકતાં થયાં હતાં. જેનો અર્થ એ છે કે, આપણે આપણાં વિચારો, સંસ્કૃતિ અને ખાન-પાનની આદતના કારણે તેને કલુષિત કર્યાં છે. યુનિવર્સિટી દ્વારા મેળવેલા જ્ઞાનના આધારે આ ગરબડને દૂર કરવાની નિતાંત આવશ્યકતા તેમણે આ પ્રસંગે વર્ણવી હતી. રાજ્યપાલશ્રીએ ભારતીય પરંપરામાં સોળ સંસ્કારોના સિંચનની વાત કરવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, દુનિયામાં આજે જ્યારે સત્ય પર બુરાઈનું આધિપત્ય વધવા લાગ્યું છે. ભ્રષ્ટાચાર ક્યાંક ને ક્યાંક જોવા મળે છે ત્યારે આપણે મેળવેલા જ્ઞાનથી સમાજમાં ફેલાયેલી આ બદીઓને દૂર કરવાની આપણી સામૂહિક જવાબદારી છે.પહેલાંના સમયમાં અધ્યાપકોની પ્રજ્ઞવલિત ચિરાગ, પવિત્રતાની મૂર્તિ અને પ્રેરણા માનીને વિદ્યાની પૂજા થતી હતી, તેવા જ્ઞાનવારસાનું પુનઃસ્થાપન કરવાની આજે જરૂર છે. યુનિવર્સિટીમાંથી નીકળેલો વિદ્યાર્થી રાષ્ટ્ર માટે એક ધરોહર બને, એક પૂંજી બની રહે અને સમાજ પ્રત્યે સમર્પિત જીવન વ્યતિત કરે તે જરૂરી છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આજે સૌના મન સંકિર્ણ થતાં જાય છે. શિક્ષણ માત્ર પૈસા કમાવવાનું માધ્યમ માનવામાં આવી રહ્યું છે. સૌ પોતાના અધિકારોની વાત કરે છે. તેવા સમયે પોતાના કર્તવ્યધર્મને નિભાવી રાષ્ટ્રનિર્માણ માટે સંકલ્પબદ્ધ થવાની શક્યતા છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં મોટી સંખ્યામાં દીકરીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યાં હતાં, આ જોઈને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજના બદલાયેલા પરિદ્રશ્ય પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે ભૂતકાળમાં વિદેશી આક્રાંતાઓના કારણે કઈ રીતે મહિલાઓનું દમન કરી શિક્ષણથી વંચિત રાખી ઘરની ચાર દિવાલોની અંદર દબાવી દેવામાં આવી હતી. તેના ઉદાહરણો સાથે ભૂતકાળ તાદ્રશ્યરૂપે રજૂ કર્યો હતો. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી છે. ફાઈટર પ્લેન ઉડાવવા સુધીની સિદ્ધિઓ મહિલાઓએ મેળવી છે અને હવે તો નેશનલ ડિફેન્સ એકેડમીમાં પણ મહિલાઓના પ્રવેશ માટેના દ્વાર ખૂલી ગયાં છે, તેવી મોકળાશ આ દેશમા ઉભી થઈ છે. તેની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ - ૨૦૪૭ પહેલાં ભારતને વિકસિત બનાવવા માટેના આહ્વાનને ઝીલી આજના વિદ્યાર્થીઓ સુરક્ષિત અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે કટિબદ્ધ થાય તેવી ખેવના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ પરોપકાર, દયા-ભાવના અને અનુકંપાના ભાવ સાથે સમાજને આગળ વધારવા, દેશની પરંપરાને આગળ વધારવા માટે ઉત્તિર્ણ થયેલા અથવા શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરેલા વિદ્યાર્થીઓ આગળ આવે તે માટે અનુરોધ કર્યો હતો. શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આજે વિદ્યાર્થીઓ માટે ડિગ્રી પ્રાપ્ત કરવાનો ઉત્સવ છે. તેમણે અહીંયા મેળવેલું જ્ઞાન સમાજશ્રેયાર્થે વાપરે તે માટે ઉપસ્થિત વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા દ્વારા ગવાયેલા અને સમાજમાં શાશ્વત રૂપે આજે પણ ગવાતા 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' ને ધ્યાનમાં રાખીને પરપીડાને પોતાની પીડા સમજે તેવા વિદ્યાર્થીઓનું સર્જન કરવું તે આજના સમયની માંગ છે, તેમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, જ્ઞાનની હંમેશા પૂજા થવી જોઈએ. આ માટે તેમણે નચિકેતા અને સ્વામી વિવેકાનંદના ઉદાહરણ આપીને મૂલ્યનિષ્ઠ જીવન કેવી રીતે જીવી શકાય અને વિદ્યાર્થીઓએ મેળવેલી ડિગ્રીને જ્ઞાનના પ્રકાશથી નવો રંગ કેવી રીતે ચડાવી શકાય તે વિશે વિસ્તૃત સમજણ આપી હતી. સમાજમાં સત્યનું આચરણ થાય, સામાજીક સમરસતા જળવાય તેવા કર્તવ્યનું નિર્વહન કરે તેવા તેજસ્વી-ઓજસ્વી અને હિંમતવાન વિદ્યાર્થીઓનું નિર્માણ આવી યુનિવર્સિટીઓના માધ્યમથી થઈ રહ્યું છે. તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી. કે. લહેરીએ વિદ્યાર્થીઓને સંદેશો આપતાં જણાવ્યું હતું કે, 'નહીં માફ નીચું નિશાન'ની ઉક્તિ અનુસરીને હંમેશા ઉંચા વિચાર રાખશો અને પ્રયત્ન કરશો તો ધાર્યું લક્ષ્ય મેળવી શકશો.

**ન્યૂઝ બ્રિફ**

## ગાંધીનગરના પીપળજમાં દીપડો દેખાતા ફફડાટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યના અનેક વિસ્તારોમાં કેટલીક વાર દીપડા દેખાય છે. ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરના પીપળજમાં મોડી રાત્રે દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે દિપડો દેખાયો હોવાની જાણ વન વિભાગને કરી હતી. જેથી વન વિભાગની ૩ ટીમોએ ઘટના સ્થળે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ સાથે જ વન વિભાગે લોકોને ઘરેની બહાર ન નીકળવા અપીલ કરી. તો આ તરફ રાજકોટના ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારમાં દીપડો દેખાતા ભયનો માહોલ સર્જાયો. દીપડાએ ભેંસ પર હુમલો કરતા ભેંસને માથા અને આંખના ભાગે ઈજા પહોંચાડી હતી. અહીં દીપડાને પાંજરે પુરવા સ્થાનિકોએ માગ કરી છે. આ ઉપરાંત નવસારીના વાંસદાની વાત કરીએ તો વાલઝર ગામમાં બાળકી પર દીપડાએ હુમલો કરતાં બાળકીને ગળાના ભાગે ૨૨ ટાંકા આવ્યા છે. દીપડાના હુમલાને કારણે વાલઝરમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

## ધોળકા પોલીસ સ્ટેશનઃ એક્સિડન્ટની ફરિયાદ લખવાનો ભાવ 30,000

। (એજન્સી) ધોળકા, તા.૨૮ ।

ધોળકા પોલીસ સ્ટેશનમાં તહેનાત જમાદાર ફરિયાદના પ્રકાર અનુસાર "વસુલી" કરે છે. તાજેતરના બે અનુભવોને આધારે એ સ્પષ્ટ થયું છે કે ધોળકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદીને જોઈને, ફરિયાદના પ્રકારને જોઈને ફરિયાદી પાસે નાણા માગવામાં આવે છે. હકીકત એ છે કે, થોડા દિવસ પહેલાં ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં એક નાનો અકસ્માત સર્જાયો હતો. ગુજરાત સ્ટીલના પ્રવીણભાઈ શાહને ત્યાં ગાડી જતી હતી, જેણે અકસ્માત કર્યો હતો. ટ્રાન્સપોર્ટરની ગાડીથી અકસ્માત સર્જાયો હતો. અકસ્માતથી કોઈને ઈજા નહોતી, પરંતુ વાહનને તેમજ મિલકતને નુકસાન હતું તેથી વીમા કંપનીના ક્લેઈમ માટે પોલીસ ફરિયાદની જરૂર હોવાથી ધોળકા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી કરી હતી. એ અરજીને આધારે જમાદાર સતીષભાઈએ રૂપિયા ૩૦,૦૦૦ની માગણી કરી હતી.

## અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અભિયાનના દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૪'સુધી સક્રિય રૂપથી સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન આયોજિત કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન અનેક જાગૃતિ અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં ઘરે-ઘરે જઈને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા, સ્વચ્છ ભારત મિશન હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન, સ્વચ્છ ખોરાક પહેલ અને શેરી નાટકો દ્વારા જનજાગૃતિ વધારવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

અમદાવાદ મંડળ પર ઘરે-ઘરે જઈને જાગૃતિ અભિયાન સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન રેલ્વે કોલોનીમાં આવેલા તમામ ઘરોની મુલાકાત લેવામાં આવી હતી અને રહેવાસીઓને સામુદાયિક સ્વચ્છતા જાળવવા અંગે શિક્ષિત કરવામાં આવ્યા હતા. રેલ્વે પરિવારના સભ્યોને કચરાના યોગ્ય નિકાલ અને સ્વચ્છતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા, જેથી વ્યક્તિઓને તેમની આસપાસની સ્વચ્છતા રાખવાની વ્યક્તિગત જવાબદારી લેવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત સ્વચ્છ ખાદ્ય પહેલ અંતર્ગત મંડળ ના વિવિધ સ્ટેશનો પર ફૂડ સ્ટોલ, કેન્ટીન અને ટ્રેનોમાં પેન્ટીકાર વગેરેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય નિરીક્ષકોએ અમદાવાદ, સાબરમતી, પાલનપુર અને ગાંધીધામ, ડીઆરએમ ઓફિસ સ્ટાફ કેન્ટીન સહિત અન્ય સ્ટેશનો પર ફૂડ સ્ટોલ, ટ્રોલી અને કેન્ટીન, નું નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરો, વિક્રેતાઓ અને રેલ્વે કર્મચારીઓને સ્વચ્છ ખોરાક અને વ્યક્તિગત સ્વચ્છતા વિશે માહિતી આપવામાં આવી હતી. તેવી જ રીતે પાલનપુર સ્ટેશન અને રેલ્વે કોલોની અને સાબરમતી સ્ટેશન ખાતેના ખાણીપીણીના સ્ટોલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રેલ્વે કર્મચારીઓ, વિક્રેતાઓ અને મુસાફરોને સ્વચ્છતા ખોરાક અને સ્વચ્છતા વિશે માહિતી આપી.











આ સાથે અમદાવાદ સ્ટેશન, મંડળ રેલવે હોસ્પિટલ સાબરમતી અને સાબરમતી સ્ટેશન પર શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શેરી નાટકો દ્વારા રેલ્વે મુસાફરો, કુલીઓ, વિક્રેતાઓ અને કર્મચારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકના નુકસાન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને સ્વચ્છતા જાળવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

### ઝાલોદ નગરપાલિકા દ્વારા

## વિવિધ વિસ્તારોમાં ભવાઈ નાટક દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતી અંગે સંદેશો પાઠવવામા આવ્યો







તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ પ્રોગ્રામો થકી લોક જાગૃતિ અંગે કાર્યક્રમો કરવામાં આવી રહેલ છે આજ રોજ ૨૮-૦૯-૨૦૨૪ શનિવારના રોજ એક ભવાઈ નાટક દ્વારા નગરના લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં અને ભરત ટાવર પાસે સ્વછતા હી સેવા અંતર્ગત "શેરી નાટક"નું આયોજન કરવામાં આવેલ હતું.



### અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ABA Property expo-2024 માં પ્રેરક ઉપસ્થિતિ

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના નિકોલ ખાતે છમ્છ (અમદાવાદ બિલ્ડર એસોસિએશન) દ્વારા આયોજીત પ્રોપર્ટી એક્સ્પો-૨૦૨૪ ની મુલાકાત લઈ અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે, આપણા દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમના વિકાસની દિશામાં આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. આજે તમે બધા સાથે મળીને એ દિશામાં ખુબ સરસ કામ કરી રહ્યા છો એમ જણાવી તેમણે કહ્યું કે, અમદાવાદના વિકાસમાં તમે ખૂબ સારું યોગદાન આપી રહ્યા છો ત્યારે પાણીના સંગ્રહ માટે "કેચ ધ રેઈન", ગ્રીનરી વધારવા માટે "એક પેડ મા કે નામ" અને છત પર સોલાર સિસ્ટમ લગાવવા તેમણે જણાવ્યું હતું. તારીખ ૨૭, ૨૮ અને ૨૯ સપ્ટેમ્બર સુધી યોજાનાર આ એક્સપોની



સફળતા માટે મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ બિલ્ડર એસોસિએશનને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, તમે સરકારના નીતિ નિયમો પ્રમાણે ખુબ સરસ કામ કરો છો જેના કારણે પ્રશ્નો પણ ઓછા થયા છે પરંતુ તમારે કોઈપણ પ્રકારના પ્રશ્નો માટે ગાંધીનગર ન આવવું પડે એ પ્રમાણે રાજ્ય સરકાર કામ કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

ABA (અમદાવાદ બિલ્ડર એસોસિએશન) ના પ્રમુખશ્રી હરેશભાઈ વસાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, દાદા ના હુલામણા નામથી જાણીતા આપણા લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારનો ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયો છે ત્યારે અમદાવાદ બિલ્ડર એસોસિયેશન વતી એમને અભિનંદન પાઠવીએ છીએ.

**અધ્યક્ષના હોદ્દા માટે રાજકોટના ડો. તેજસ ગોરાસિયાની વરણી**

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષની નિમણુંક

। (એજન્સી) રાજકોટ, તા.૨૮ ।

પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘની મધ્યપ્રદેશના ઈન્દોર સ્થિત શ્રી મધ્યભારતી હિન્દી સાહિત્યના શિવાજી ભવન ખાતે પંડિતજીની ૧૦૮મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી જેમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે રાજકોટના ડો. તેજસ ગોરસીયા ની વરણી કરવામાં આવી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૨૫મી સપ્ટેમ્બરના દિવસે સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી હતી. જન્મ જયંતીએ મધ્ય પ્રદેશના ઈન્દોર શહેર ખાતે વિચાર સંઘના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી ભાવનાબેન શર્મા ની અધ્યક્ષા હેઠળ બેઠક મળી જેમાં તેમજ અંકિત ગ્રામ સેવાધામ આશ્રમ ઉજ્જૈનના સુધીરભાઈ ગોયલ, રાષ્ટ્રીય કવિ પ્રો. ડૉ. શંભુસિંહ મનહર, ભાજપ પ્રદેશ કાર્ય સમિતી સદસ્ય કંચનસિંહ તેમજ સંગઠન મંત્રી બદરી લાલ સોમાની ની ઉપસ્થિતિ રહ્યા હતા. તેમજ રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે રાજકોટના યુવા કાર્યકર્તા તેમજ ભાજપ માં મીડિયા કન્વીનર તરીકે ફરજ નિભાવતા ડૉ. તેજસ ગોરસીયાની નિમણુક કરવામાં આવી છે.

### મંદિર પાછળ આવેલી સરકારી જમીન પર દબાણ દૂર કરાયું

## સોમનાથ મંદિરની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા બુલડોઝરવાળી

**સોમનાથમાં ૩૬ જેટલા બુલડોઝરોએ ગેરકાયદે બનેલા કેટલાક ધાર્મિક સ્થળોના બાંધકામો તોડી પાડ્યા**

। (એજન્સી) સોમનાથ, તા.૨૮ ।

ગુજરાતમાં ગેરકાયદે બાંધકામો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમનાથ મંદિરની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા ૨૭મી સપ્ટેમ્બરની રાતથી ૩૬ જેટલા બુલડોઝરોએ આ ગેરકાયદે બનેલા કેટલાક ધાર્મિક સ્થળોના બાંધકામો તોડી પાડ્યા છે. કાટમાળ હટાવવા માટે ડમ્પર અને ટ્રેક્ટર-ટ્રોલીઓ ઉપયોગમાં લેવાઈ છે. આ જગ્યાનો ઉપયોગ સોમનાથ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કરવામાં આવશે. સોમનાથ મંદિરના પાછળના ભાગમાં અનેક ગેરકાયદે બાંધકામો થયા છે, જેને દૂર કરવા વહીવટી તંત્રની ટીમ આવી પહોંચી છે. હાલમાં મોડી રાતથી કાર્યવાહી ચાલી રહી છે, જો કે થોડા સમય માટે કાર્યવાહી પણ બંધ કરવામાં આવી હતી. સોમનાથમાં તંત્રની મોટી બુલડોઝર કાર્યવાહી ચાલી રહી છે. આ પહેલા અહીં મહિનાઓ સુધી સર્વે ચાલી હતી. આ સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ સોમનાથ મંદિર પાછળ આવેલી સરકારી જમીન પર દબાણ દૂર કરવામાં આવી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં અહીં ઘણાં નવા કામો કરવામાં આવ્યા છે અને આ કાર્યવાહી બાદ સોમનાથ મંદિર કોરિડોરના નિર્માણ કાર્યને વધુ વેગ મળવાની ધારણા છે. મોડી રાત્રે દબાણ દૂર કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કે, કાર્યવાહી થતાં જ સ્થાનિક લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. લોકોએ કાર્યવાહીને રોકવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે લોકોને ત્યાંથી હટાવ્યા હતા અને કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવી હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સ્થળ પર ૧૪૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨